
# દ્રવ્ય-ગુણ-પર્યાય



ડૉ. સુરેશ ઝવેરી

Ankan Graphics

# દિવ્ય દીક્ષાનો ભવ્ય મહોત્સવ

મુમુક્ષુ શ્રી કનુભાઈ બી. શાહ (ઉ.વ. ૪૩)
મુમુક્ષુ શ્રી સૂચિતકુમાર (ઉ. વ. ૨૪)
વિ.સં. ૨૦૫૩ કારતક વદ ૧૨ શનિવાર તા. ૭-૧૨-૧૯૯૬

*

આચાર્યપદ પ્રદાન પાવન પ્રસંગ

## બંધુબેલડી

પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી જિનચંદ્રસાગરજી મ.સા.
પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી હેમચંદ્રસાગરજી મ.સા.
વિ:સં. ૨૦૫૩ માગસર સુદ ૩ શુક્રવાર તા. ૧૩-૧૨-૧૯૯૬

*

## દિવ્યાશિષ

શાસનજ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.
આગમવિશારદ પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી મ.સા.

*

શુભ સ્થળ
નેમચંદ મિલાપચંદ ઝવેરી, વાડી ઉપાશ્રય
ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૨

॥ ॐ अर्हं नमः ॥

# દ્રવ્ય–ગુણ–પર્યાય


સંકલનકાર

**ડૉ. સુરેશચંદ્ર સોભાગચંદ ઝવેરી**

એમ.ડી (બૉમ્બે), એમ.આર.સી.પી(ઇં.)

ફિઝિશીયન- કાર્ડિયોલોજીસ્ટ

૩૦૧, અર્થ એપાર્ટમેન્ટ, પાર્શ્વનગર કૉમ્પ્લેક્ષ

સગરામપુરા, સુરત – ૩૯૫૦૦૨


"પર્યાયદષ્ટિનું ફળ સંસાર છે.
દ્રવ્યદષ્ટિનું ફળ મોક્ષ છે."

: પ્રકાશક :
**શ્રી નવદર્શન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ**
પાર્શ્વનગર કૉમ્પ્લેક્ષ, જૈન પાઠશાળા,
કૈલાસનગર પાસે, સગરામપુરા
સુરત - ૩૯૫૦૦૨, ફોન - ૪૭૨૯૪૯

આવૃત્તિ : પહેલી
પ્રત : ૧૦૦૦
સંવત : ૨૦૫૩

: પ્રાપ્તિસ્થાન :
**શ્રી નેમુભાઈની વાડી ઉપાશ્રય**
ગોપીપુરા, સુરત - ૩૯૫ ૦૦૨


કિંમત : સદ્ ઉપયોગ

લેસર ટાઈપસેટિંગ
**શારદા મુદ્રણાલય**
જુમ્મા મસ્જિદ સામે,
ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૫૩૫૯૮૬૬

મુદ્રણસ્થાન :
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪

સપ્રેમ ભક્તિપૂર્વક સમર્પણ

# મહામુનિરાજ શ્રી પૂર્ણાનંદસાગરજી



આરાધ્યપાદ, પ્રાતઃસ્મરણીય, ધર્મદાતા

ગુરુદેવના પુનિત ચરણકમળમાં કોટી વંદના

*

શ્રી ગોપીપુરા નેમિભાઈ વાડીના ઉપાશ્રયનાં

શ્રાવક-શ્રાવિકાઓ

# આશીર્વચન

ૐ હ્રીં અર્હં નમઃ

આજના વિષમકાળમાં માનવી જ્યારે ભૌતિકવાદમાં ભૂલો પડ્યો છે ત્યારે તેને તે માર્ગે બ્રેક લગાવીને આધ્યાત્મિકતાના અનુપમ માર્ગે વેગ લાવવા માટે આવા– ફિલોસૉફીના સાહિત્યની નિતાંત જરૂર છે અને એ જ માર્ગે ધર્મચુસ્ત અને ધર્મપ્રેમી ડૉ. સુરેશભાઈ ઝવેરીએ જે દ્રવ્ય-ગુણ-પર્યાય જેવા પદાર્થને પ્રકાશમાં લાવવા આ સાહિત્યનું સંકલન કર્યું છે તે યોગ્ય છે અને આદરણીય છે – એમના શુભ આશયમાં એમનો પ્રયત્ન પૂર્ણ સફળ બને તેવી શુભેચ્છા સહ અંતરના આશીષ. આ જ દિશામાં અન્ય પ્રકાશનની શક્તિ પ્રાપ્ત થાય એવી મંગલ કામના.

આચાર્યશ્રી વિનયચંદ્રસૂરીશ્વરજી મ.ના
શિષ્યરત્ન આચાર્ય
શ્રી કલ્પજયસૂરીજી.

ધાર તલવારની સોહલી, દોહલી
ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા... ધાર૦ ૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
ટળવળે ચાર ગતિ માંહે લેખે... ધાર૦ ૨

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિક નિજ કાજ કરતા થકા,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઈ રાચો... ધાર૦ ૪

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી,
છાર પર લીંપણું તેહ જાણો... ધાર૦ ૫

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહીં કોઈ જિનાજ્ઞા સરિખો;
દ્રવ્યદૃષ્ટિ સહ જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર (પર્યાય) પરિખો... ધાર૦ ૬

દ્રવ્ય-ગુણ-પર્યાયના શુદ્ધ સ્વરૂપને,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા બહુ કાળ દિવ્ય સુખ અનુભવી,
નિયત 'આનંદઘન' રાજ પાવે... ધાર૦ ૭

# મારા બે શબ્દ

અધ્યાત્મમાં હંમેશાં દ્રવ્યાનુયોગનું કથન (નિશ્ચયનય) જ મુખ્ય છે. તેના જ આશ્રયે સુધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વ્યવહારનયથી પર્યાયોનું કથન કરવામાં આવે છે ત્યાં પણ નિશ્ચયનયને મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે એમ સમજવું. કારણ કે સમ્યક પુરુષાર્થ (સ્વ-સંવેદન) વડે પોતે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરે એ જ આદરણીય (ઉપાદેય) છે.

**"નિશ્ચય ને વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ;**
**અરજિન બીજ દિને ચ્યવી, એમ જિન આગળી કહીએ."**

બન્ને નયોનું જ્ઞાન આવશ્યક છે પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવા માટે નિશ્ચયનય જ આદરણીય છે.. સકલ શાસ્ત્રોનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. માટે જ કહ્યું છે ને ! – **ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર (પર્યાયદષ્ટિ), અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર (દ્રવ્યદષ્ટિ).** જ્ઞાનીના એક એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે.

લોગસ્સ સૂત્રમાં **શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય**નો સમાવેશ છે માટે જ કાઉસગ્ગમાં લોગસ્સનો કાઉસગ્ગ એ મુખ્ય ધ્યાન સાધના છે.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામી દુક્કડમ્.

લિ. ભવદીય
**ડૉ. સુરેશ ઝવેરી**

# પ્રકાશકનું નિવેદન

અમારા પુણ્યોદયે આ પુસ્તિકાના પ્રકાશન માટે શ્રી ગોપીપુરા નેમુભાઈની વાડીના ઉપાશ્રયના માનવંતા ટ્રસ્ટીઓએ પૂર્ણ આર્થિક સહયોગ આપેલ છે તે માટે અમો હાર્દિક અભિનંદન/અનુમોદન જાહેર કરીએ છીએ અને ડૉ. સુરેશભાઈ એસ. ઝવેરીએ તત્ત્વત્રયીના આ ગહન વિષય ઉપર સંકલન કરી આપ્યું તે બદલ અમો આભારી છીએ.

સર્વજ્ઞ વીતરાગ પરમાત્માઓ જણાવે છે કે આત્માના સહજ સ્વભાવ શુદ્ધ જ્ઞાયકતા (પરમ પારિણામિક ભાવ) છે અને રાગાદિ બંધભાવ સર્વથા જુદા છે. પર્યાયમાં જોતાં જ્ઞાયકભાવ (જ્ઞાનગુણ) અને રાગાદિ બંધભાવ જીવને એકમેક ભાસે છે પણ દ્રવ્યભાવથી વિચારતાં તે બન્ને જુદા જણાશે; કારણ કે જ્ઞાન તે આત્માનો ગુણ (સ્વભાવ) છે અને રાગાદિ ભાવ તો બહાર જતી ક્ષણિક વિકારી લાગણી છે. જ્ઞાન અને રાગ બન્ને એક સમયે એક પર્યાયમાં વર્તતાં હોવા છતાં બન્નેનાં લક્ષણો કદી એકમેક થયાં નથી અને ક્યારેય પણ થઈ ન શકે એવું દ્રવ્યનું મૂળભૂત સ્વરૂપ છે. પરન્તુ પર્યાયમાં જે રાગ-દ્વેષની પરિણતી થાય છે તે સ્થૂળપણે આત્માથી અભિન્ન ભાસે તોપણ સૂક્ષ્મબુદ્ધિથી અવલોકતાં આત્માના સ્વભાવને અને રાગને સૂક્ષ્મ ભેદ છે તે અવશ્ય જણાય. તેથી સૂક્ષ્મ અંતરદૃષ્ટિ વડે જ્ઞાન અને રાગનું ભિન્નપણું ઓળખીને જ્ઞાનમાં (દ્રવ્યમાં) એકાગ્ર થતાં રાગ (પર્યાય) ટળી જાય છે એટલે કે જીવ કર્મથી સર્વથા મુક્ત થાય છે. આ પુસ્તિકામાં આલેખાયેલા વિશિષ્ટ તત્ત્વ-ચિંતન પ્રત્યે આપના પ્રતિભાવ રૂપ સમીક્ષા મોકલવા આપ સર્વેને નમ્ર અનુરોધ છે.... પ્રાર્થના છે....

આત્મા 'સત્ ચૈતન્યમય', સર્વાભાસે રહિત;
જેથી 'કેવળજ્ઞાન' પામીએ, મોક્ષપંથ તે રીત... (૧)

રાગ; દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. (૨)

જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષ પામે નિર્ગ્રંથ. (૩)

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ જે સાધશે, જન્મ તેહના અલ્પ. (૪)

જાતિ, વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. (૫)

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. (૬)

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાનમાં, પરમાર્થે સમકિત. (૭)

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. (૮)

કેવળ શુદ્ધ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. (૯)

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા સદ્‌ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી જો ન હોય. (૧૦)

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. (૧૧)

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહી કાંઈ;
લક્ષ થવાને તેહનો, શાસ્ત્ર કહ્યાં સુખદાઈ. (૧૨)

ભાસ્યું નિજસ્વરૂપ, તે શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી નેં, દેહાતીત સ્વરૂપ. (૧૩)

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ. (૧૪)

# અનુક્રમ


| | |
|---|---|
| ઉપોદ્ઘાત | ૧ |
| દ્રવ્ય-ગુણ-પર્યાય : આગમ શૈલી | ૪ |
| દ્રવ્ય-ગુણ-પર્યાય : અધ્યાત્મ શૈલી | ૧૦ |
| દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ | ૧૮ |
| પર્યાય મૂઢતા – પર્યાયમાં એકત્વ બુદ્ધિ | ૩૭ |
| પ્રશ્નોત્તરી | ૪૨ |
| ઉપસંહાર | ૪૭ |

# ઉપોદ્‌ઘાત

**"અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;**
**ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે."**

આખું વિશ્વ 'દ્રવ્ય-ભાવાત્મક' છે. દ્રવ્ય એટલે પાંચ અસ્તિકાય અને ભાવ એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય. અનાદિકાળથી જીવ માત્ર પોતાના સ્વયંભૂપણાથી, સ્વ અસ્તિત્વથી, સ્વસત્તાથી વ્યક્તિ રૂપે પોતે પોતાને પ્રાપ્ત છે પરંતુ સ્વશુદ્ધ ગુણપર્યાયથી અપ્રાપ્ત છે. એટલે જૈન દર્શનમાં સૌ પ્રથમ જીવના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનું લક્ષ કરીને નમસ્કાર મહામંત્ર (સ્વરૂપ મંત્ર) સામાન્ય પદ-રૂપે સ્થાપિત કરેલ છે. આવાં શુદ્ધ ગુણ-પર્યાયને જે જીવ પ્રાપ્ત કરે છે તે વ્યક્તિ પ્રગટ પરમાત્મ સ્વરૂપ છે. એટલે હવે એવી વ્યક્તિના સંશોધનનો પ્રશ્ન ઉપસ્થિત થયો. આ પ્રશ્નનો જવાબ લોગસ્સ–ચતુર્વિંશતિસ્તવ–નામસ્તવ સૂત્ર છે. લોગસ્સમાં **શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય** ત્રણેનો સમાવેશ છે. માટે જ કાયોત્સર્ગમાં લોગસ્સનો કાઉસગ્ગ એ મુખ્ય **'ધ્યાન-સાધના'** છે જ્યારે નમસ્કાર મહામંત્ર એ મુખ્યત્વે **'જપ-સાધના'** છે.

– **'ગુણ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે.'** આત્મદ્રવ્ય પોતાના અસ્તિત્વ ગુણના સ્વભાવથી ટકેલું છે પણ વિભાવ (રાગ-દ્વેષ)ને લીધે તે ટકેલું નથી. આત્માના સ્વભાવમાં રાગાદિ નથી અને રાગાદિ વડે આત્માના સ્વરૂપની પ્રાપ્તિ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દ્રવ્ય એ મુલાધાર છે. ગુણ અને પર્યાય આધેય છે. ગુણ-પર્યાયમાં ગુણનો પર્યાય (અવસ્થા) છે.

– દ્રવ્ય એટલે ત્રિકાળી ધ્રૌવ્ય વસ્તુ અને પર્યાય એટલે દ્રવ્યની વર્તમાન હાલત. દ્રવ્ય તે **'અંશી'** (આખી વસ્તુ – The whole) અને પર્યાય તેનો એક **'અંશ'** છે (ભાગ – The Part). **'અંશી'**ને સામાન્ય કહેવાય ને **'અંશ'**ને વિશેષ કહેવાય. સામાન્ય તે **'ધ્રુવ'** છે અને વિશેષ તે **'ઉત્પાદ-વ્યય'** છે એટલે સર્જન-વિસર્જન (સંયોગ-વિયોગ) છે. ઉત્પાદવ્યય એ આદિ-સાન્ત અને ઉપચરિત (વ્યવહાર) સત્‌ છે. સામાન્ય-વિશેષ વગરનો કોઈ સત્‌ પદાર્થ હોતો નથી. (પંચાસ્તિકાય) "उत्पाद-व्यय-ध्रुव युक्तं सत्." વસ્તુ ત્રિકાળ છે. વસ્તુનો ક્યારેય નાશ થતો નથી પણ તેમાં રૂપાંતર હોય છે. એમાં જે ધ્રુવ કહેલ છે તે ધ્રુવ તત્ત્વ પ્રદેશપિંડ (દ્રવ્ય) છે. એ

આધાર છે કે જે આધારના આધારે રહેલ આધેય-પર્યાયમાં ઉત્પાદ-વ્યય થયા કરે છે. આધેય એવો પર્યાય વિનાશી (ઉત્પાદ-વ્યયવાળો) છે જ્યારે આધાર એવું દ્રવ્ય ધ્રુવ છે અર્થાત્ સ્થિર છે – નિત્ય છે. દ્રવ્ય નથી તો ઉત્પન્ન થતું કે નથી તો નાશ પામતું. જે ઉત્પન્ન થતું અને નાશ પામતું દેખાય છે તે તો દ્રવ્યના આધારે જ દ્રવ્યમાંથી ઉત્પન્ન થતા અને પાછા જ દ્રવ્યમાં લય પામતા તે તે દ્રવ્યના પર્યાયો છે. વર્તમાન પર્યાય એક સમય પૂરતી જ છે. બીજા સમયે તો તેની નાસ્તિ થઈ જાય છે. દ્રવ્ય પોતાના અસ્તિત્વ ગુણ (સ્વસત્તા)થી ટકે છે તેને કોઈ પર દ્રવ્યની સહાય પડતી નથી અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી.

– હવે જેને આવી શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ છે તે જીવાત્મા કદી પણ રાગની પર્યાયને (પ્રશસ્ત હોય તોપણ) પોતાનું કર્તવ્ય માને નહિ કે તેમાં ધર્મ માને નહિ. કારણ કે આત્માના શુદ્ધ જ્ઞાયક સ્વભાવમાં તો રાગનો સર્વથા અભાવ જ હોય છે. રાગની પર્યાયનું પણ કર્તાપણું જે ન માને તે આત્મા પરદ્રવ્યનું કર્તાપણું માને જ કેમ ? એટલે તેને પરથી અને રાગથી ભિન્ન સ્વભાવની દૃષ્ટિમાં સતત વિજ્ઞાન અને વીતરાગતાની જ ઉત્પત્તિ થયા કરે. પર્યાયદૃષ્ટિમાં જીવ રાગને કર્તવ્ય માને, ઉપાદેય માને અને રાગથી ધર્મ માને; કેમકે પર્યાય દૃષ્ટિમાં તો રાગની જ ઉત્પત્તિ છે. પર્યાયમાં જોતાં જ્ઞાન અને રાગાદિ *બંધભાવ એકમેક ભાસે છે પણ દ્રવ્યદૃષ્ટિથી* જોતાં તે બન્ને વચ્ચેનો સૂક્ષ્મ ભેદ જણાશે; કારણ કે જ્ઞાન તે આત્માનો ગુણ (સ્વભાવ) છે અને રાગાદિ ભાવ તે તો બહાર જતી ક્ષણિક વિકારી લાગણી છે. જ્ઞાન અને રાગાદિ બંધભાવ એક સમયે એક પર્યાયમાં વર્તતા હોવા છતાં બન્નેનાં લક્ષણો કદી એકમેક થયાં નથી અને ક્યારેય પણ થઈ શકે નહિ એવું દ્રવ્યનું મૂળભૂત સ્વરૂપ છે. બન્ને પોતપોતાના સ્વલક્ષણોથી ભિન્ન ભિન્ન છે. પર્યાયમાં જે રાગ-દ્વેષની પરિણતી થાય છે તે સ્થૂળપણે આત્માથી અભિન્ન ભાસે તોપણ સૂક્ષ્મ બુદ્ધિથી (પ્રજ્ઞા) અવલોકતાં આત્માના સ્વભાવને અને રાગને જુદા જાણી શકાય છે. પર્યાય દૃષ્ટિ જેટલો જ પોતાને ન માનતાં ત્રિકાળી ધ્રૌવ્ય દ્રવ્યના લક્ષે "આ જ હું" એ જ્ઞાનમાં એકાગ્ર થતાં રાગની પર્યાય ટળી જાય છે અને જીવ કર્મથી મુક્ત થાય છે.

ઉપયોગમાં એટલે કે જ્ઞાનની વર્તમાન પર્યાયમાં યથાર્થ વસ્તુને અર્થાત્

સ્વદ્રવ્યના સ્વરૂપને જાણે. આમ નિર્વિકલ્પ જ્ઞાન-વેદનના આધારે થયેલો દૃઢ નિર્ણય સ્વરૂપ-લક્ષ ઉત્પન્ન કરે છે. આ નિર્ણય પ્રશસ્ત રાગ કે શુભ નિમિત્ત (દેવ-ગુરુ-શાસ્ત્ર) વ્યવહાર તત્ત્વત્રયીના આધારે થયેલો નથી. પરંતુ અંશત રાગાદિથી મુક્ત થઈને જ્ઞાનથી શુદ્ધ જ્ઞાયકસ્વભાવનો જ્ઞાનની પર્યાયમાં અનાદિથી રાગની જે મુખ્યતા હતી તે પલટાવીને થયેલ છે. જ્ઞાન સ્વયં વેદકસ્વભાવી હોવાથી જ્ઞાનની વર્તમાન પર્યાયમાં તે જ પર્યાય સ્વયંના વેદનનો અનુભવ કરે ત્યારે સ્વસન્મુખ થઈ વેદવાનું બને છે. જ્ઞાનની દિશા અંતર્મુખ થાય છે ત્યારે ત્રિકાળી ધ્રૌવ્ય અભેદ વસ્તુના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય યથાર્થરૂપે સમજાય છે. વાસ્તવિક પરિસ્થિતિ એવી છે કે વેદન વર્તમાન અંશનું (પર્યાયનું) હોવા છતાં અવલંબન અંશીનું—પૂર્ણ શુદ્ધ દ્રવ્યનું લેવાનું છે.

હું ત્રિકાળી ધ્રોવ્ય, શુદ્ધ, અખંડ જ્ઞાયકસ્વભાવી, પરમપારિણામિકભાવી, એગોડહં (એકલો), સર્વ સંગને સંયોગથી રહિત, સર્વ પરભાવોથી વિમુખ, સર્વ રાગાદિ વિકારીભાવોથી ભિન્ન, નિર્વિકલ્પ જ્ઞાતા-દ્રષ્ટા, પરિપૂર્ણ આનંદઘન આત્મદ્રવ્ય છું – આ આત્માનું સાચું ભાન અને જ્ઞાન છે અર્થાત્ ‘સમ્યક જ્ઞાન’ છે. આપણા છદ્મસ્થ સ્વદ્રવ્યમાં વર્તમાન સમયે બે પડખાં છે. એક તો ઉપર જણાવેલ શુદ્ધ આત્મ-દ્રવ્ય સ્વરૂપ અને બીજું ક્ષણિક વર્તમાન વર્તતી રાગાદિ વિકારી અશુદ્ધ પર્યાય છે. પર્યાય પોતે ક્ષણિક છે.... અસ્થિર છે. **‘સમ્યક દર્શન’** આત્માના શ્રદ્ધાગુણની શુદ્ધ પર્યાય છે જે ક્ષાયિક બનતાં **‘કેવળ દર્શનમાં’** પરિણમે છે. જ્યારે **‘મિથ્યા દર્શન’** (મિથ્યાત્વ) આત્માના શ્રદ્ધાગુણની અશુદ્ધ પર્યાય છે.

જે આત્મા પ્રથમ અરિહંત પરમાત્માના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ જાણે (આત્મજ્ઞાન) પછી તેને ભાન થાય કે હું પણ અરિહંતની જાતનો છું. અરિહંતોની પંક્તિમાં બેસી શકું તેવો મારો પણ મૂળમાં શુદ્ધ સ્વભાવ છું –**“જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ”**– (આત્મભાન). એમ નક્કી કર્યા પછી મારી વર્તમાન પર્યાયમાં જે અશુદ્ધતા છે તે ટાળવા માટે જીવે પોતાના આત્મસ્વભાવમાં જ અભેદ પરિણામે એકાગ્ર બનવું રહ્યું (આત્મધ્યાન). શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયથી પરિપૂર્ણ મારું મૂળ સ્વરૂપ છે. રાગ-દ્વેષ-કષાય તે મારું સ્વરૂપ નથી. એમ નિર્ણય કરીને પ્રથમ પર્યાયનું

લક્ષ છોડી દઈ પછી ગુણભેદનું લક્ષ પણ છોડીને ફક્ત અભેદ આત્માને લક્ષમાં જ્યારે લે છે ત્યારે એકલા **'ચિન્માત્ર'** સ્વભાવના (**શુદ્ધ ચિદ્રૂપ**) અનુભવ થાય છે. **"આતમધ્યાને આત્મા રીદ્ધિ મિલે સવી આઈ રે."** આવી માનસિક પ્રક્રિયા **'સમ્યગ્ દર્શન'** પ્રગટ કરે છે અને તે સર્વ કલ્યાણનું મૂળ (સે પરમઠ્ઠે) **'કલ્યાણ મૂર્તિ'** છે. આ 'જૈનધર્મની' પહેલામાં પહેલી **'ક્રિયા'** છે. નાનામાં નાનો જૈનધર્મી એટલે કે **'અવિરત સમ્યગ્ દષ્ટિ'** પામવાની (ચોથા ગુણસ્થાનક પામવાની) આ વાત છે. આ પામ્યા સિવાય પાંચમા ગુણસ્થાનકની શ્રાવકદશા કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની મુનિદશા હોય જ નહિ.

આત્માનો અનુભવ (સાક્ષાત્કાર) કરવા માટે સૌ પ્રથમ તો જીવ તે દ્રવ્ય-ગુણ-પર્યાયનો જુદો જુદો વિચાર કરે. પર્યાયમાં જે રાગ-દ્વેષની પરિણતિ થાય છે તે મારું શુદ્ધ સ્વરૂપ નથી. કેમ કે અરિહંત પરમાત્માના પર્યાયમાં રાગ-દ્વેષ નથી (વીતરાગતા છે) જીવની જાતિની દૃષ્ટિએ મારો આત્મા પરમાત્મ સ્વરૂપ જ છે. (અપ્પા સો પરમપ્પા) એટલે રાગરહિત કેવળજ્ઞાન પર્યાય જ મારું સાચું સ્વરૂપ છે. હવે આ પર્યાય આવે ક્યાંથી ? ત્રિકાળી, ધ્રૌવ્ય, શુદ્ધ દ્રવ્ય-ગુણ આશ્રિત કારણશુદ્ધપર્યાય જે શાશ્વત છે તેમાંથી. ભૂલ સ્વભાવમાં નથી. માત્ર વર્તમાન એક સમય પૂરતી પર્યાયમાં છે. તે ભૂલ તો બીજે સમયે રહેતી નથી. જો પોતે ભૂલ બીજે સમયે પાછી કરે તો જ થાય છે.

હાલમાં વિશેષતઃ વ્યવહારનય સાપેક્ષ આત્મશુદ્ધિની દેશના પ્રવર્તનને મુખ્યપણે આગમશૈલીનો આધાર સ્વીકારાયેલ છે. છતાં આત્માર્થી આત્મશુદ્ધિ અર્થે આત્મ પરિણામ શુદ્ધિ રૂપ (પર્યાય-વિશુદ્ધિરૂપ) શબ્દાદિનય સાપેક્ષ અર્થને ગીતાર્થ સદ્ગુરુ પાસેથી યથાર્થપણે જાણીને યથાતથ્ય ભાવે પોતાની આત્મશુદ્ધિ અર્થે હેય-ઉપાદેયનો ભૂમિકાભેદે વિવેક કરવો જરૂરી છે.

# દ્રવ્ય-ગુણ-પર્યાય : આગમશૈલી

**વિના દ્રવ્ય-અનુયોગ વિચાર, ચરણ કરણ નહિ કો સાર;**
**સમ્મતિ ગ્રંથે ભાખ્યું ઈશ્યું, તે તો પ્રબુધજન મનમાં વસ્યું.**

શ્રી સૂયડાંગ સૂત્રના આધારે શ્રી સમ્મતિ-તર્કગ્રંથમાં સ્પષ્ટ જમાવેલ

છે કે દ્રવ્યાનુયોગના યથાર્થ અવબોધ વગર ચરણ-કરણનો (બાહ્ય-ક્રિયાઓનો) કોઈ વિશેષ સાર નથી. અર્થાત્ અધ્યાત્મ શૂન્યાર્થ હોવાથી મોક્ષમાર્ગમાં તેની નિષ્ફળતા જાણવી. આ વાત જ્ઞાની આત્માઓને યથાર્થ સમજાયેલી હોય છે. આત્મદ્રવ્યનો સ્વસ્વભાવ અને પરસ્વભાવ (વિભાવ)ના ભેદને નહિ સમજનારા કેવળ શૂન્યાર્થ (આત્મસાધ્ય નિરપેક્ષ) ક્રિયાઓ કરવા વડે ક્યારેક પણ આત્મશુદ્ધિ કરી શકતા નથી. દોષરહિત આહાર પાણી વાપરવાં કે વિવિધ પ્રકારની શુભકરણી કરવી તે તો સામાન્ય યોગ-વિશુદ્ધિરૂપ છે, જ્યારે સ્વસ્વભાવ અને પરસ્વભાવની વહેંચણી કરવી (જીવાજીવ પદાર્થનું કરો નાણ સુજાણ) તે તો મોટો વિશેષ યોગ છે કેમ કે તેથી આત્મવિશુદ્ધિ થાય છે આ વાત ઉપદેશપદાદિક ગ્રંથોમાં સ્પષ્ટ જણાવેલ છે.

જીવદ્રવ્ય ઉત્તમ ગુણોનું ધામ છે. જ્ઞાનાદિ અનેક ઉત્તમ ગુણો તેમાં શુદ્ધરૂપે રહેલ છે અને ત્રિકાળ સ્વભાવથી શુદ્ધ જ રહે છે, તેમાં કદી પણ વિકાર થતો નથી કે ન્યૂનતા આવતી નથી. સર્વ દ્રવ્યોમાં એક આત્મદ્રવ્ય જ મુખ્ય-પ્રધાન છે, કારણ કે તે એક જ સ્વ-પર પ્રકાશક છે. સર્વ તત્ત્વોમાં પરમતત્ત્વ આત્મા જ છે અને અનંત જ્ઞાન-આનંદાદિનો ભોક્તા પણ તે છે. જીવતત્ત્વ તે અંતરતત્ત્વ છે અને બાકીના બધા દ્રવ્યો બાહ્યતત્ત્વ છે, જ્ઞાનાદિથી રહિત છે. આત્મતત્ત્વ સિવાય બધુંય શૂન્ય છે. સર્વને જાણવા-જોવાવાળો જીવ છે. સૂર્ય અને ચંદ્ર પ્રકાશે છે તે જીવ વિના કોણ જાણી શકે ? તેના પ્રકાશનું મૂલ્યાંકન જીવ જ કરે છે ને ? માટે સર્વને જાણવાવાળો અને હેય-ઉપાદેયનો નિર્ણય કરનારો જીવ જ એક અદ્‌ભુત પરમતત્ત્વ છે.

આખાય વિશ્વ ઉપર વરતો અને તરતો વિજ્ઞાનઘન અતીન્દ્રિય અખંડાનંદસ્વરૂપ આત્મદ્રવ્ય છે. તેનો આશ્રય કરવાથી, સ્વાનુભૂતિ પ્રગટે છે અને તેની સાથે જ અનંત જન્મ-મરણ અને આદિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપથી પીડિત આ સંસારચક્ર સીમિત બની જઈ, અલ્પ ભવોમાં આત્મા મોક્ષપદ સાધી લે છે. સ્વાનુભૂતિમાં આત્મ સાક્ષાત્કાર થાય છે તેને શુદ્ધિપ્રયોગ કહો, નિર્વિકલ્પદશા કહો, આત્મસંલગ્નતા કહો, સ્વસંવેદન કહો કે સમ્યગ્‌દર્શન કહો તે બધાય એકાર્થ વચનો છે. શુદ્ધ, ત્રિકાળ, ધ્રૌવ્ય, એકરૂપ રહેવાવાળા આત્મદ્રવ્યનો પર્યાય જ્યારે આશ્રય કરે છે ત્યારે આ સ્વાનુભૂતિ પર્યાયમાં પ્રગટ થાય છે. તેનો અનુભવ પણ પર્યાયમાં જ થાય

છે. સમ્યક દર્શન, શુદ્ધોપયોગ કે નિર્વિકલ્પતા વગેરે બધું જ પર્યાયમાં પ્રગટ થાય છે. તેથી દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ.

દ્રવ્યમાંથી પ્રત્યેક સમયે પર્યાય પ્રગટે છે અને બીજા સમયે તે પર્યાય દ્રવ્યમાં પાછો સમાઈ જાય છે. તે જ સમયે તે પર્યાય પ્રગટે છે તેથી પર્યાયના પ્રાગટ્યમાં કાંઈ આંતરો હોતો નથી. પર્યાય દરેક સમયે દ્રવ્યમાંથી પ્રગટ થતો હોવાથી અને દ્રવ્યમાં લય થતો હોવાથી પર્યાયનું સ્વરૂપ ક્ષણિક અને પરિવર્તનશીલ છે. પર્યાય દ્રવ્યથી કથંચિત ભિન્ન અને કથંચિત અભિન્ન પણ છે. ભિન્ન એ રીતે છે કે રાગાદિ વિકારોના જે પરિણામો પર્યાયમાં થાય છે તે દ્રવ્યમાં થતાં નથી. તે સમયે પણ દ્રવ્ય તો શુદ્ધ અને નિર્મળ જ રહે છે. દ્રવ્યનો સ્વભાવ જ ત્રિકાળ શુદ્ધ રહેવાનો છે. પર્યાયો સમયે સમયે પલટાતી હોવાથી છદ્મસ્થ અવસ્થામાં ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે. સિદ્ધભગવંતો પણ પ્રત્યેક સમયે પર્યાય બદલે છે પરંતુ તેમના બધા પર્યાયો શુદ્ધ, નિર્મળ, પવિત્ર એકરૂપ જ પ્રગટે છે અને અનંતકાળ પ્રગટ થશે, છતાંય પર્યાય તો પરિવર્તનશીલ જ છે. પર્યાયનો સ્વભાવ સક્રિય છે જ્યારે દ્રવ્યનો સ્વભાવ અક્રિય છે.

પર્યાય દ્રવ્યમાંથી જ ઉત્પન્ન થતો હોવાથી, તે કથંચિત્ દ્રવ્યથી અભિન્ન પણ છે. વળી પર્યાય એક સમયે ઉત્પન્ન થઈ બીજા જ સમયે સ્વદ્રવ્યમાં પુનઃ સમાઈ જાય છે તેથી પર્યાય દ્રવ્યથી કથંચિત અભિન્ન પણ છે. આત્માની અનંત શક્તિઓ/ગુણોમાંનો એક **'ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ'** નામનો ગુણ પણ છે. તે ગુણના કારણે પર્યાયમાં સમયે સમયે ઉત્પાદ-વ્યય થતો રહે તોપણ દ્રવ્ય તો ધ્રુવ જ રહે છે.

આ પર્યાયમાં મિથ્યાત્વરૂપ ખોટી શ્રદ્ધા કે રાગાદિ વિકાર (વિભાવભાવ) વા વીતરાગતારૂપ (સ્વભાવભાવ) થાય છે તે જીવના વિપરીત કે સમ્યક પુરુષાર્થ અનુસાર જ થાય છે. અહીં **'જીવના'** એટલે **'પર્યાય'**ના એમ સમજવું; કારણ કે દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જીવ જ કહેવાય છે. વિકારી ભાવો થવા તે જીવનો મોહ-મિથ્યાત્વ-અજ્ઞાનને કારણે થતો સ્વયંનો દોષ છે. તેણે વિપરીત પુરુષાર્થ કર્યો તેથી થયા. જીવે સવળો પુરુષાર્થ ન કરીને સમ્યક દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ન પ્રગટાવ્યો તેથી ચારે ગતિમાં અનાદિથી ભ્રમણ કરીને અનંત દુઃખ પામ્યો. મહા પુણ્યના પુંજથી અત્યારે

જીવને મનુષ્યપણું પ્રાપ્ત થયું છે તો આ અવસર મોક્ષ માર્ગ પ્રગટાવવા માટે નિતાંત અનુકૂળ છે. આ મનુષ્યભવની મહત્તા એ છે કે સર્વસંગ પરિત્યાગ કરી, પાંચ મહાવ્રત અંગીકાર કરી, સર્વ વિરતિરૂપ છઠ્ઠું ગુણસ્થાનક પ્રાપ્ત કરી શકે છે. દેવ, નારકી કે તિર્યંચ એ ત્રણેમાંથી કોઈ પણ ગતિમાં સર્વ વિરતિરૂપ મહાવ્રત હોતાં નથી. **અપ્રમત દશા, ક્ષપકશ્રેણી, ક્ષાયિક સમકિત** અને **શુકલધ્યાન** માત્ર મનુષ્યપણામાં પામી શકાય છે.

પર્યાય વિષે એક બીજી વાત આપણે એમ કહીએ છીએ કે વર્તમાનમાં આપણને મનુષ્યપર્યાય પ્રાપ્ત થયો છે તો તેમાં એમ સમજવું કે આપણને જે મનુષ્યનું શરીર મળ્યું છે તે મનુષ્યનો પર્યાય છે એમ નથી પણ તે તો પુદ્‌ગલ છે. દ્રવ્યનો પર્યાય છે અને આપણા અસંખ્યાત આત્મપ્રદેશો સાથે તે શરીરના પુદ્‌ગલો એકક્ષેત્ર અવગાહનાએ રહેલ છે, જે આત્માના પ્રદેશોથી ભિન્ન-અલિપ્ત છે. પરંતુ પર્યાયમાં જે મનુષ્યત્વરૂપે જે ભાવ છે તે જ મનુષ્યપણું છે અર્થાત્ જીવનો તેટલો વિકાસ થયો છે.

આત્માના પર્યાયની વાત ચાલી રહી છે. પર્યાય પણ એક અદ્‌ભુત વ્યવહાર છે કારણ કે તે પર્યાય આત્મદ્રવ્યનો જ છે. ત્રિકાળી અનંત ગુણો સહિત ધ્રુવદ્રવ્ય તે નિશ્ચય છે. આ ધ્રુવદ્રવ્યનો આશ્રય કરીને શુદ્ધ જ્ઞાયકસ્વભાવને પ્રગટાવવાનું કાર્ય પર્યાયમાં થાય છે તેથી વ્યવહાર છે. પર્યાયમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ પ્રગટાવવો તે અપૂર્વ અદ્‌ભુત વ્યવહાર છે પરંતુ પર્યાયમાં રાગાદિ પ્રગટાવવા તે અસદ્‌ભુત વ્યવહાર છે. કારણ કે રાગાદિ આત્માની વસ્તુ નથી અને આત્માના અનંત ગુણોમાં ના તો કોઈ ગુણમાંથી પણ આવેલ નથી. વળી તે રાગાદિ આત્મા સાથે કાયમ માટે રહેતા નથી. તે તો ઊપજે છે અને વિણસે છે.

જીવદ્રવ્યનાં ઘણાં નામો છે જેવા કે (૧) **આત્મા** (૨) **ચૈતન્ય** (૩) **જીવ** (૪) **સમય** (૫) **દ્રવ્ય** (૬) **વસ્તુ** (૭) **પદાર્થ.** જીવદ્રવ્યમાં એક વિશેષતા રહેલી છે તે એ કે એક સાથે જ જાણવું (જ્ઞાન કરવું) અને પરિણમન કરવું. આ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે છે તે જીવ છે અન્ય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્‌ગળ એ પાંચે દ્રવ્યો સમયે સમયે પરિણમન તો કરે છે પરંતુ તેઓ જડ (અચેતન) હોવાથી અને તેમનામાં જ્ઞાનગ્રહણ ન હોવાથી જાણન ક્રિયા નથી. તેથી તેમનામાં

માત્ર પરિણમન કરવાની એક જ ક્રિયા છે.

– આત્મામાં જે **'જીવત્વશક્તિ'** છે તે પારિણામિક ભાવે રહેલી છે. કર્મના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયની કાંઈ પણ અપેક્ષા રાખ્યા વિનાનો જે ગુણ મૂળથી (અનાદિકાળથી) આત્મામાં રહેલો છે અને જે ગુણ ત્રણે કાળે કાંઈપણ ન્યૂનાધિક થયા વિનાનો એકસરખો રહેનારો જે ભાવ છે તે 'પારિણામિક' ભાવ છે. દ્રવ્યનું ત્રિકાળપણું, તેના અનંત ગુણો (જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ) અને તેના પર્યાયોનો એક પ્રવાહરૂપ રહેતો અનાદિ અનંત ધ્રૌવ્ય અંશ એ ત્રણે અભેદપણે પારિણામિક ભાવ છે. હવે જે ભાવ અથવા પરમ શુદ્ધ ગુણો સંસારી તેમ જ સિદ્ધ ભગવંતો એ બધાય જીવોમાં એકસરખા જ હોય, તેમનો કોઈ પણ જીવમાં ક્યારેય અભાવ ન હોય કે ન્યૂનાધિકતા ન હોય તથા પ્રત્યેક જીવની સઘળી અવસ્થામાં પણ હોય તે પારિણામિક ભાવ કહેવાય છે.

દૃષ્ટાંતરૂપે નિગોદના જીવોમાં, પર્યાયમાં જ્ઞાન ઘણું જ ન્યૂન છે અર્થાત્ અક્ષરના અનંતમાં ભાંગે છે ત્યારે પણ જીવોનો **'જ્ઞાનગુણ'** જરા પણ હીણો થતો નથી પણ જ્ઞાનનો જે પર્યાય પ્રગટ્યો તેમાં તો હીનતા છે પરંતુ જ્ઞાનગુણ તો જીવની કોઈ પણ અવસ્થામાં ત્રિકાળ શુદ્ધ જ રહે છે. સંસારી જીવોની જે સમય સમયની અવસ્થાઓ થાય છે તેમાં વિકાર હોય છે પરંતુ ગુણમાં વિકાર થતો નથી. કેવળી ભગવંતોને જેવો દ્રવ્યનો પરમ શુદ્ધ જ્ઞાનગુણ છે તેવો જ શુદ્ધ પર્યાય સમયે સમયે પ્રગટ્યા કરે છે. આત્માના કેટલાક ગુણો એવા છે કે જેના પર્યાયો પણ હંમેશાં શુદ્ધરૂપે જ પ્રગટે છે, જેમ કે **દ્રવ્યત્વગુણ, અસ્તિત્વ ગુણ, વસ્તુત્વ, જ્ઞેયત્વ, પ્રદેશત્વ.** અને અગુરુલઘુત્વ વગેરે. કદીપણ, એક સમયમાત્ર પણ અશુદ્ધરૂપે ન પ્રગટે તેથી આ ગુણોના પર્યાયો પણ પારિણામિક ભાવે કહેવાય છે.

પારિણામિક ભાવે રહેલી જીવત્વશક્તિમાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ અનેક ગુણો પણ પારિણામિક ભાવે છે. આત્માના એ ભાવ પ્રાણો છે અને તે બધી આત્માની પોતાની જ વસ્તુ છે. પાંચ ઇંદ્રિયો, મન-વચન-કાયા-શ્વાસોશ્વાસ અને આયુષ્ય આ દશ પ્રાણ જીવના માત્ર અસદ્‌ભુત વ્યવહાર નયથી કહેવાય છે. અસદ્‌ભુત એટલા માટે કે તે પ્રાણો ખરેખર આત્માના નથી પરંતુ તે પુદ્‌ગલદ્રવ્યના પર્યાયો છે. તેઓ

આત્મા સાથે એકક્ષેત્ર અવગહના વગર (વિશેષ સંબંધથી) રહ્યા હોવાથી અનુપચરિત અસદ્‌ભુત વ્યવહારનયથી કહેવાય છે. નિશ્ચયનયથી તો તે દશેય પ્રાણોમાંનો કોઈ પણ પ્રાણ આત્માની વસ્તુ નથી. પરંતુ જે ભાવપ્રાણો છે તે જ જીવના છે અને કોઈપણ સમયે આત્મદ્રવ્યથી જુદા પડતા નથી. ઉપરોક્ત દશ દ્રવ્યપ્રાણો જીવ સાથે સંયોગથી પ્રાપ્ત થાય છે અને સંયોગની અવધિ પૂર્ણ થતાં આત્મદ્રવ્યથી છૂટા પડી જાય છે, વળી પાછા ફરી ફરીને મળે છે, એમ આત્માની સંસાર-અવસ્થામાં થયા કરે છે. સિદ્ધ પરમાત્માઓને આ દશ દ્રવ્ય-પ્રાણ નથી પરંતુ ભાવપ્રાણ છે.

જીવના પર્યાયમાં જે શુભાશુભ ભાવો થાય છે તેમાં આત્મા સ્વયં પોતાની તથા પ્રકારની અવસ્થા કરે છે, તેમાં પરદ્રવ્યનું કર્તૃત્વ કશું જ નથી. પોતે જ અશુભ ભાવ ન કરે તો ન થાય. વીતરાગપણું પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખી તેવો પુરુષાર્થ કરે તો અન્ય કોઈ દ્રવ્ય તેને તેમ કરતાં રોકી શકે નહિ. જીવનો પ્રબળ સમ્યક પુરુષાર્થ હોય તો અને ઔદયિક કાળે અશુભ કર્મો સાથે જીવ ન જોડાય તો કર્મ ઉદય નિર્જરી જાય અને નવું કર્મ બંધાય નહિ. પૂર્વે ઉપાર્જન કરેલું શુભ કે અશુભ કર્મ જે સત્તામાં પડેલું હતું તેથી નિરુપભોગ્ય હતું. તેનો આ બાધા કાળ જ્યારે પૂર્ણ થાય છે. ત્યારે તે ઉદયમાં આવે છે અને તેનું જ્ઞાન જીવના પર્યાયમાં થઈ જાય છે સમ્યક જ્ઞાનના અભાવે જીવનો પર્યાય તે જ સમયે પોતાની સ્વતંત્રતાથી તેની સાથે જોડાઈ જાય છે અને એકત્વપણું કરે છે કે "હું સુખી..... હું દુઃખી" વગેરે તે જીવનો સ્વયંનો દોષ છે. ઉદય કર્મ કંઈ જીવને તથા પ્રકારે પરિણમાવતું નથી.

– તેથી જો જીવ ઉદય સાથે ન જોડાય અને પોતાના શુદ્ધ સ્વરૂપનો જ આશ્રય કરે તો ઉદયકર્મ નિર્જરી જાય. સંવર અવસ્થા પ્રાપ્ત થાય, તેથી આવતાં કર્મો રોકાય અને સંવરની સાથોસાથ નિર્જરા પણ થાય, તેથી સત્તામાં પડેલાં સર્વ કર્મોનો નાશ થાય. સંવર સાથે નિર્જરા હંમેશાં અવિનાભાવી પણ હોય છે. તેથી જીવ પ્રમાદી બની, શુભભાવમાં ન પ્રવર્તી, શુદ્ધ પરિણામની પ્રાપ્તિ માટે યથાર્થ પુરુષાર્થ ન કરે તે જીવનો સ્વયં દોષ છે. તે દોષ ટાળવા માટે **'નવતત્ત્વના ભાવને/અધિકારને'** જાણી પછી **શુદ્ધ જીવતત્ત્વમાં પર્યાયને સ્થિર કરવો** અને **'ભેદજ્ઞાન'** ભાવવું તે જ એક

માત્ર ઉપાય છે અને તેમ કરવાથી જ મોક્ષમાર્ગ પ્રગટે છે.

જીવ નિગોદમાંથી બહાર નીકળે તો બે હજાર સાગરોપમ જેટલો કાળ જ નિગોદની બહાર રહી શકે છે. આ અસંખ્યાત કાળ દરમિયાન એકેદ્રિયથી વિકલેંદ્રિય, અસંજ્ઞી પંચેદ્રિય અને સંજ્ઞી પંચેદ્રિય રૂપે તે જન્મ-મરણ કર્યા કરે છે. આ કાળમાં વધુમાં વધુ ૪૮ મનુષ્યભવો મળે છે...હે આત્મા ! જાગ !

# દ્રવ્ય-ગુણ-પર્યાય : અધ્યાત્મ શૈલી

પ્રત્યેક દ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે. જીવ જીવના દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે અને અજીવ અજીવનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે. દરેક દ્રવ્ય સ્વસહાયી છે તથા પરથી અસહાયી છે. દરેક દ્રવ્ય કોઈ પણ પર દ્રવ્યની સહાય લેતું પણ નથી તથા કોઈ પણ પર દ્રવ્યને સહાય દેતું પણ નથી. શાસ્ત્રમાં 'परस्परोपग्रहो जीवानाम' કથન આવે છે પરંતુ તે કથન ઉપચારથી કહેલ છે. તે તો તે તે પ્રકારના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા માટે છે. તે ઉપચારનું સાચું જ્ઞાન વસ્તુસ્વરૂપની મર્યાદા સમજવામાં આવે તો જ થાય, અન્યથા નહિ. જીવ-અજીવ બન્ને દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે. જડ (અજીવ)ની ક્રિયા ચેતન કરતું નથી અને ચેતનની ક્રિયા જડ કરતું નથી. બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી. વિશ્વમાં વસ્તુ છે તે પોતાના સ્વભાવ માત્ર જ છે. વસ્તુ દ્રવ્યે, ગુણે ને પર્યાયે પરિપૂર્ણ સ્વતંત્ર છે. આમ હોવાથી આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેથી તે સ્વભાવદશામાં જ્ઞાનનો જ કર્તા છે અને વિભાવ દશામાં અજ્ઞાન, રાગ-દ્વેષનો કર્તા છે પણ પરનો તો કર્તા ક્યારેય પણ થતો નથી. પરભાવ (રાગાદિ વિકારી ભાવ) પણ કોઈ અન્ય દ્રવ્ય કરાવતું નથી કારણ કે એક દ્રવ્યની બીજા દ્રવ્યમાં નાસ્તિ છે છતાં પર્યાયમાં જે વિકાર થાય છે તે પુરુષાર્થની વિપરીતતાથી થાય છે, પણ દ્રવ્યના સ્વભાવમાં તે નથી એવું જ્ઞાન થતાં ક્રમે કરી વિકારી પર્યાયનો નાશ થાય છે.

છએ દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા અને નિશ્ચયનયની કથન કરવામાં

આવતું હોય છે; પોતે સ્વયં ચિંતન કરે તેમાં પણ ક્યારેક નિશ્ચયનયની મુખ્યતા અને ક્યારેક વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે એમ વ્યવહારનયે કહેવામાં-સમજાવવામાં આવે પણ તે દરેક વખતે **'દ્રવ્યાનુયોગ'–'એગો મે સાસઓ અપ્પા'**– એ જ મુખ્ય અને ઉપાદેય છે. એમ જ્ઞાનીઓનું કથન છે. આત્માનો ગમ પડ્યા વિના આગમ પણ અનર્થકારક થઈ શકે છે.

વસ્તુસ્થિતિની અચલિત મર્યાદાને તોડવી અશક્ય હોવાથી વસ્તુ દ્રવ્યાન્તર કે ગુણાન્તરરૂપે સંક્રમણ પામતી નથી; ગુણાન્તરમાં પર્યાય પણ આવી ગયો. વસ્તુ પોતાની મેળાએ સ્વતંત્ર ફરે, એની તાકાતે ફરે ત્યારે સ્વયં (સ્વતંત્રપણે) એનો પર્યાય ઊઘડે. કોઈ પરાણે સમજાવીને એનો પર્યાય ઉઘાડી શકતું નથી. પોતે સમજે ત્યારે પોતાનો મોક્ષપર્યાય ઊઘડે છે. જો કોઈને પરાણે સમજાવી શકાતું હોત તો ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા બધાને મોક્ષમાં લઈ જાય ને ! પણ તીર્થંકરદેવ કોઈને (પોતાના વહાલા આજ્ઞાંકિત શિષ્યને પણ) મોક્ષમાં લઈ જઈ શકતા નથી. સ્વરૂપમાં લીનતા વખતે દ્રવ્યમાં પણ શાન્તિ અને પર્યાયમાં પણ શાન્તિ.... અર્થાત્ આત્માના આનંદરસમાં અનુભુતિ.

શાસ્ત્રમાં વ્યવહાર અને પરમાર્થ બન્ને રીતે કથન કરાય છે. એક ઠેકાણે એમ કહ્યું હોય કે આત્મામાં ક્યાંય-ક્યારેય રાગદ્વેષની પરિણતિ નથી ત્યાં એમ સમજવું કે તે કથન સ્વભાવની અપેક્ષાએ દ્રવ્યદૃષ્ટિથી કહ્યું છે. વળી તે જ શાસ્ત્રમાં બીજે ઠેકાણે એમ કહ્યું હોય કે રાગ-દ્વેષ આત્મામાં થાય છે ત્યાં એ સમજવું કે તે કથન વર્તમાન અશુદ્ધ અવસ્થાની અપેક્ષાએ પર્યાય દૃષ્ટિથી કહેવાયું છે. વળી શાસ્ત્રમાં **'આત્મા નિત્ય છે'** એ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાનું કથન છે અને **'આત્મા અનિત્ય છે'** એ પર્યાય-અપેક્ષાએ અવસ્થાદૃષ્ટિનું કથન છે. તે બન્ને કથન જે અપેક્ષાપૂર્વક છે તે ન જાણે અને આત્મા સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય માની લે તો તે અજ્ઞાની છે.

અહાહા ! આખી દુનિયા ભુલાઈ જાય એવું તારું શુદ્ધ દ્રવ્ય-આત્મતત્ત્વ છે. અરેરે ! ત્રણ લોકનો નાથ હોવા છતાં (સત્તાએ) રાગની પર્યાયમાં

રોળાઈ ગયો ! રાગની પર્યાયમાં તો દુઃખનો દાવાનળ ભભૂકે છે ત્યાંથી દૃષ્ટિ છોડી દે ! અને જ્યાં આનંદનો (અવ્યાબાધ સુખનો) સાગર ભર્યો છે ત્યાં દૃષ્ટિને જોડી દે ! રાગની પર્યાયને તું ભૂલી જા ! તારા પરમ શુદ્ધ આત્મદ્રવ્યને પર્યાય સ્વીકારે છે પણ માત્ર એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા ! અવિનાશી ચિદ્રૂપ પાસે પર્યાયનાં મૂલ્ય શાં ? પર્યાયને જ ભૂલવાની વાત છે ત્યાં દેહની પર્યાયની તો વાત જ ક્યાં રહી ?

જે પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરે તે સચરાચર જગતની જીવસૃષ્ટિમાં પૂર્ણાનંદ પ્રભુનું જ સ્વરૂપ નિહાળે. પર્યાયનું જ્ઞાન કરે પણ ઉપાદેય તરીકે ત્રિકાળી ધ્રુવ શુદ્ધ દ્રવ્યને જ સ્વીકારે. **'પરમપારિણામિક'** ભાવ છું–**'શુદ્ધોપયોગોઽહં'**– એમ સ્વીકારે. જ્ઞાનભાવે મોક્ષની નિર્મળ પર્યાયનો કર્તા આત્મા છે અને મોક્ષની નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે આત્માનું કાર્ય છે. આનંદની પર્યાય તો એક સમયની છે, ને ધ્રુવમાં તો આનંદના અનંત ઢગલા ભર્યા છે. વિકારી અવસ્થા આત્માની પર્યાયમાં થાય છે તે વાત જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિએ ગૌણ છે. પર્યાય દૃષ્ટિએ તે વિકારી પર્યાય આત્માની હોવા છતાં પણ દ્રવ્યદૃષ્ટિએ તે આત્માનો મૂળ સ્વભાવ ન હોવાથી પર પૌદ્ગલિક કહેવાય છે.

– **'ક્રમબદ્ધ પર્યાયનો'** નિર્ણય કરતાં જ્યારે દૃષ્ટિ શુદ્ધ દ્રવ્ય પર જાય છે ત્યારે ક્રમબદ્ધ પર્યાયનો સાચો નિર્ણય થાય છે. પણ માત્ર પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ. જ્યારે જીવ જ્ઞાયક સ્વભાવ તરફ ઢળે છે. ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે. એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદ અનુભવાય છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય એનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે... કારણ કે આત્મા પરનો કર્તા નથી પણ જ્ઞાતા-દ્રષ્ટા છે.

એક એક ગુણનું પરિણમન સ્વતંત્ર સીધું થતું નથી પણ અનંતગુણમય અભેદ દ્રવ્યનું પરિણમન થતાં બધા ગુણોનું પરિણમન થાય છે. એક એક ગુણ ઉપર જુદી જુદી દૃષ્ટિ મૂકતાં ગુણોનું શુદ્ધીકરણ થતું નથી પણ શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં અનંત ગુણોનું નિર્મળ પરિણમન થાય છે. ગુણભેદ ઉપરની પર્યાય દૃષ્ટિ છોડીને અનંત ગુણમય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્ય પર્યાયમાં શુદ્ધરૂપે પરિણમે છે. **'હું શુદ્ધ છું–શુદ્ધ છું'** એવી ધારણા માત્રથી

કે એવા વિકલ્પથી પર્યાયમાં આનંદ ઝરે નહિ અને પર્યાયમાં આનંદ ન ઝરે તો સમજવું કે ત્યાં સુધી દર્શન કે જ્ઞાન સમ્યક નથી. આત્માના શુદ્ધ સ્વભાવને લક્ષમાં લઈને પર્યાય તેમાં અભેદ થતાં જ પર્યાયમાં પરમ આનંદની અનુભૂતિ થાય. **'દ્રવ્ય સ્વભાવ ત્રિકાલ શુદ્ધ છે'** એમ જ્યાં દૃષ્ટિમાં લીધું ત્યાં પર્યાયમાં પણ શુદ્ધતા થઈ જાય.

ત્રિકાળી સત્ ચૈતન્યપ્રભુ–તારું ધ્રુવ તત્ત્વ–એવી **'દ્રવ્ય દૃષ્ટિ'** તેં કદી કરી નથી... વર્તમાન રાગાદિની કે છદ્મસ્થપણાની જે દશા છે તે ક્ષણિક અવસ્થા-પર્યાય ઉપર જ તારી દૃષ્ટિ છે. પરને પોતાનું માને એ તો મોટી ભ્રમણા છે. જાણવા-જોવાની વર્તમાન દશા જે તારી કરેલી છે, તારી છે, તારામાં છે, તારા દ્રવ્યનો વર્તમાન અંશ-અવસ્થા છે, તેના ઉપર દૃષ્ટિ છે– **'પર્યાયદૃષ્ટિ'**– તે પણ મિથ્યાત્વ છે. એ પર્યાય દૃષ્ટિ અનાદિની છે. પર્યાય પરની દૃષ્ટિ છોડી ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવ ઉપર જીવની દૃષ્ટિ ક્યારેય કદી આવી નથી. અંતર ત્રિકાળી ધ્રુવ શુદ્ધ જ્ઞાયક પરમભાવની દૃષ્ટિ કરવી તે એક જ કર્મોથી છૂટવાનો ઉપાય છે.

–સ્ફટિક રત્નમાં સામે રહેલા પદાર્થને કારણે લાલ, પીળી, કાળી ઝાંય પડે છે તે વખતે પણ તેનો જે મૂળ નિર્મળ સ્વભાવ છે તેનો અભાવ થતો નથી તેમ આત્મામાં પણ રાગ-દ્વેષના ભાવ થાય છે તે વખતે પણ આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપનો અભાવ થતો નથી. જો અંદર શુદ્ધતારૂપે થવાની શક્તિ ન હોય તો અને પુણ્ય-પાપના પરિણામ વખતે શક્તિરૂપ શુદ્ધતાનો નાશ થયો હોય તો, પર્યાયમાં શુદ્ધતા આવે ક્યાંથી ? દ્રવ્યમાં શક્તિપણે ત્રિકાળ શુદ્ધતા ભરી છે તો પર્યાયમાં શુદ્ધતા પ્રાપ્ત થાય છે. જેમાં હોય તેમાંથી પ્રગટે, જેમાં ન હોય એમાંથી શું પ્રગટે ?

– દ્રવ્યમાં ઊંડો ઊતરી જા.... દ્રવ્યના પાતાળમાં જા. દ્રવ્ય તે ચૈતન્ય-વસ્તુ છે. ઊંડું ઊંડું અગમ્ય ગંભીર તત્ત્વ છે. જ્ઞાન-આનંદ આદિ અનંત અનંત ગુણોના પિંડરૂપ અભેદ એક પદાર્થ છે... તેમાં દૃષ્ટિ લગાવ.... તેમાં અંદર ઘૂસી જા. **'ઘૂસી જા'**નો અર્થ એમ નથી કે પર્યાય દ્રવ્ય થઈ જાય છે. પરંતુ પર્યાયની જાતિ, દ્રવ્યનો આશ્રય કરવાથી, દ્રવ્યની જેમ શુદ્ધ થઈ જાય છે. તેને પર્યાય દ્રવ્યમાં ઊંડી ઊતરી–અભેદ થઈ એમ વ્યવહારે કહેવાય છે.

– અનંત અતીન્દ્રિય જ્ઞાન, અનંત અનન્દ્રિય આનંદ, અનંત અતીન્દ્રિય સ્વચ્છતા, અનંત અતીન્દ્રિય ઐશ્વર્યતા-આદિ એવી એકેક શક્તિમાં અનંત શક્તિરૂપ અને એવી બીજી અનેક શક્તિઓનો અનંતરૂપ પિંડ એવો શુદ્ધ, સિદ્ધ સ્વરૂપી **'આત્મદ્રવ્ય'** છે. એ અગોચર, અગમ્ય, અવ્યક્ત છે અને તે જ મોક્ષાર્થી–સાચા ધર્મીને ઉપાદેય છે અને તે જ સમ્યગદર્શનનું એકમેવ કારણ છે. અન્ય ચીજને જ્ઞેયમાં વ્યક્ત કરીને જ્ઞાયકને **'અવ્યક્ત'** કહ્યો, તે સામાન્યથી પ્રરૂપ્યું. પણ પ્રાથમિક ભૂમિકામાં રહેલા બાલજીવો સમજી શકે એટલે સ્પષ્ટ કર્યું કે જેટલા **શુભ-અશુભ ભાવો છે તે ભાવકના ભાવો છે, કર્મના ભાવો છે, અજીવના ભાવો છે** પણ તે જીવના ભાવો નથી. આહાહા ! અજબગજબની વાત કહી કે વ્યવહાર તત્ત્વત્રય (દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા) અને સર્વ વિરતીના પરિણામોને **'અજીવ તત્ત્વ'**માં નાખ્યા. એ અજીવમાં કેમ ? તો જણાવ્યું કે આત્મા આનંદઘન-ચૈતન્ય સ્વરૂપ છે અને તે વ્યવહાર તત્ત્વત્રયીમાં આવ્યો નહિ. ચૈતન્ય અને અખંડ આનંદ તે આત્મદ્રવ્ય–તો પોતાનો ચૈતન્ય અને આનંદ જેમાં નથી તે **'અજીવ'**. એ અપેક્ષાએ શુભભાવને વ્યક્ત કહીને, ભિન્ન કહીને, અજીવ કહીને એનાથી આત્મા ભિન્ન દર્શાવ્યો.

– ચિત્તસામાન્યમાં પણ એ જ લેવું. શું લેવું ? તો કહે છે કે **'કષાયોનો સમૂહ'** જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ ભિન્ન છે અને **'અવ્યક્ત'** છે એવું તું જાણ. ભાવકનો ભાવ-વિકારી ભાવ ભલે શુભ હો ! અશુભ ભાવની તો વાત જ ક્યાં કરવી ? તેનાથી પણ એ અવ્યક્ત છે તેને જાણ ! **"જાણ"** એમ કહ્યું ને ? તું રાગથી (પ્રશસ્ત પણ) પોતાને આધ્યાત્મિક લાભ માને છે પણ એ રાગ **'ભાવક ભાવ'** છે તેનાથી સ્વરૂપ આત્મા જે અવ્યક્ત છે તેને જાણ ! **'ભાવને જાણ'** એ પ્રશ્ન પણ નથી. એ શુદ્ધ જ્ઞાયક સ્વભાવી આત્મા જે ભાવકભાવથી ભિન્ન છે તેને જાણ ! અને એને જાણવામાં તારી શુદ્ધ પર્યાયમાં **'ભાવકભાવ'**નું પણ જ્ઞાન થશે. તારા સામર્થ્યથી માત્ર રાગને (ભાવકભાવને) જાણવાનો નથી, પણ તારા આત્મવીર્યથી પોતાનું સમ્યક જ્ઞાન થશે ત્યારે રાગ-સંબંધીનું જ્ઞાન પણ સાથે ઉત્પન્ન થશે. "चित्त सामान्य निमग्न समस्त व्यक्तित्वात"–ચિત્તસામાન્યમાં સર્વ વ્યક્તિઓ (પર્યાયો) નિમગ્ન (અંતર્ભૂત) છે માટે 'અવ્યક્ત' છે.

– હવે **'ચિત્તસામાન્યમાં'** શું જણાવે છે ? ચિત્ત અર્થાત્ જ્ઞાન જે આત્મા છે તે; સામાન્ય અર્થાત્ સ્વરૂપ ત્રિકાળ એકરૂપ ધ્રુવ છે એ અવ્યક્ત છે.... અતિ સૂક્ષ્મ છે. જે બાહ્ય પર્યાયો છે એ વ્યક્ત છે... સ્થૂળ છે. એ ચિત્તસામાન્યમાં (ત્રિકાળ, ધ્રૌવ્ય, શુદ્ધ અખંડ જ્ઞાયકસ્વભાવ) ચૈતન્યની અનંત ભૂત અને ભાવીની સમસ્ત પર્યાયો-એક વર્તમાન પર્યાય છોડીને– અન્તર્નિમગ્ન છે એમાં ''**જાણ**'' લેવું છે ને ? તો પછી '**જાણ**' એ વર્તમાન પર્યાય માત્ર વ્યક્ત રહી (જાણનારી). ફરીથી કહે છે કે : ચિત્તસામાન્યમાં જ્ઞાયકભાવ જે ત્રિકાળ છે તે સામાન્ય છે, એકરૂપ છે, અદ્વૈત છે, ધ્રુવ છે, નિત્ય છે એવા ચિત્તસામાન્યમાં ચૈતન્યની સમસ્ત પર્યાયો (જેમાંથી ભાવકનો ભાવ કાઢી નાખ્યો હતો), ભૂતકાળમાં જે કોઈ પર્યાય મલિન કે નિર્મળ થઈ... ભવિષ્યમાં થશે એ સમસ્ત પર્યાયો નિમગ્ન અર્થાત્ અંતર્ભૂત છે. ભૂત અને ભવિષ્યમાં અનંત પર્યાયો થઈ અને થશે. કેટલીક મલિન પર્યાયોનો અંત આવીને નિર્મળ પણ થઈ અને નિર્મળ થશે પણ–એ બધી જ પર્યાયો ચૈતન્યમાં–અંદરમાં નિમગ્ન છે, ભિન્ન નથી. શું કહ્યું ? સમજાણું કાંઈ ? આવો છે આપ્ત પુરુષોનો ઉપદેશ !! તો હવે શું કરવું એમાં ? ....આ કરવું કે **અંદર મહાન સર્વશ્રેષ્ઠ વસ્તુ છે એની સન્મુખ થા !** એનો આશ્રય લે ! **એમાં લીન થા ! એ પૂર્ણાનંદ નાથનું શરણ લે.** ચૌદ રાજલોકમાં ઉત્તમમાં ઉત્તમ સર્વોત્કૃષ્ટ કોઈ દ્રવ્ય (પદાર્થ) હોય તો એ સામાન્ય ચીજ/વસ્તુ (નિજાત્મા) છે. અહીં જણાવે છે વિકારી પર્યાય અંદર દ્રવ્યમાં જાય છે તો તેની યોગ્યતા રૂપે રહે છે પણ વિકાર દ્રવ્યમાં પ્રવેશતો નથી. જે વિકારી પર્યાય ચાલી જાય છે તે વિકારી ભાવ તો ઔદાયિક ભાવ છે અને તેને તો **'ભાવકભાવ'** જણાવી કાઢી નાખ્યો. અહીં તો ઉપશમ અને ક્ષયોપશમ ભાવની જે પર્યાય છે (વર્તમાન પર્યાય સિવાય), ભૂત-ભવિષ્યની જે નિર્મળ પર્યાયો છે તે ચિત્તસામાન્યમાં-અંતરમાં શક્તિ રૂપે છે, પણ પર્યાયરૂપે નહિ. કારણ કે ઉપશમ અને ક્ષયોપશમ પર્યાય દ્રવ્યમાં જઈને પારિણામિક રૂપે થઈ જાય છે અર્થાત્ અંતરમાં ઉપશમ અને ક્ષયોપશમ ભાવ નથી રહેતો. આવો માર્ગ-વીતરાગ માર્ગ તો અલૌકિક છે. આ માર્ગ કાંઈ જગતને દેખાડવા માટે નથી પણ આરાધના માટે છે.

પોતાનું શુદ્ધ સ્વરૂપ–ચિત્ત-જ્ઞાન-સામાન્ય એમાં જેટલી પર્યાયો થઈ

અને થશે એ બધી અંતરમાં અન્તર્મગ્ન અર્થાત્ પારિણામિક ભાવે છે. અન્તર્મગ્નનો અર્થ એવો નથી કે : અંતર (દ્રવ્ય)માં ઉપશમ કે ક્ષયોપશમ ભાવ રહેલો છે–એક વર્તમાન પર્યાયને બાદ કરીને. કારણ કે વર્તમાન પર્યાયમાં "**જાણ**" એવું જણાવ્યું ને ? ચિત્તસામાન્યમાં સર્વ પર્યાયો અંતર્નિમગ્ન છે–**હે મુમુક્ષુ ! એવા દ્રવ્યને તું યથાર્થ રૂપે જાણ !!** પહેલાં વિકલ્પથી પણ એવો નિર્ણય કરવો પડશે કે "**ખરેખર સાચો મોક્ષમાર્ગ તો આ છે**" પછી જ્યારે એ વિકલ્પને પણ તોડે ત્યારે આત્માનો અનુભવ થાય છે. હજી વિકલ્પથી પણ યથાર્થ નિર્ણયના જેના ઠેકાણાં નથી; પર્યાયમાં-અવસ્થામાં રાગના વિકલ્પસહિત જ્ઞાનમાં યથાર્થ શું છે એવું પણ જેની સમજણમાં નથી કે સ્વરૂપ તરફ ઝૂકવાથી જ 'સમ્યગ્દર્શન' થાય છે; પર્યાયના લક્ષથી પણ 'સમ્યગ્દર્શન' થતું નથી તો પછી વિકલ્પથી કે વિકલ્પના લક્ષથી સમ્યગ્દર્શન થાય એ વાત અહીં છે જ નહિ. અહીં તો પર્યાયનો પણ નિષેધ કરી દીધો છે. પારિણામિકભાવ એ સ્વભાવ ભાવ છે. પર્યાયના આશ્રયની જરૂર નથી કારણ કે તે તો અન્તર્નિમગ્ન છે અને જે પર્યાય નિર્ણય કરે છે તે તો બાહ્ય છે.

– "जाण કહ્યું ને ?" "जाण अव्वत्तं जीवम्".... "जीवम अव्वत्तं जाण".... **ભગવંતને જીવ કહે છે** અને **જીવને ભગવંત કહે છે.** નિર્મળ પર્યાયો પણ જેમાં અન્તર્નિમગ્ન છે એવા જીવને (દ્રવ્યને) તું વર્તમાનમાં જાણ ! અનિત્યથી નિત્યનો નિર્ણય થાય છે, નિત્યનો નિર્ણય નિત્યથી થતો નથી. નિત્ય તો ધ્રુવ છે અને સામાન્ય ધ્રુવમાં ભૂત-ભવિષ્યની અનંત પર્યાયો અન્તર્મગ્ન છે. તે બધી પર્યાયો ભલે દ્રવ્યમાં ચાલી ગઈ તોપણ વર્તમાન પર્યાય છે કે નહિ ? તો તે વ્યક્ત છે કે નહિ ? કે અન્તર્મગ્ન છે ? વર્તમાન પર્યાય વ્યકત છે પણ અન્તર્મગ્ન નથી. વર્તમાન પર્યાય છે તે ત્રિકાળી સ્વભાવને પ્રસિદ્ધ કરી રહ્યું છે. અનિત્ય અવયવ દ્વારા નિત્યસ્વરૂપ જણાય છે અર્થાત્ **'નિત્ય દ્રવ્ય' તે 'અનિત્ય પર્યાયમાં' જણાય છે.** યદ્યપિ નિત્ય અને અનિત્ય પરસ્પર વિરુદ્ધ સ્વભાવી હોવા છતાં સર્વથા ભિન્ન નથી. જેમ હીરો હાથમાંથી પડી જાય પણ જો તે દડતો હોય તો તરત નજરે ચડે છે તેમ પરિણમતું દ્રવ્ય તે ધ્રુવને દર્શાવતું પલટી રહ્યું છે.

**– એકત્વશક્તિના કારણે 'નિત્ય' દ્રવ્ય 'અનિત્ય' પર્યાયમાં વ્યાપી રહ્યું છે** કે જે **'એકત્વશક્તિ'** સ્વયં અનેક પર્યાયમાં વ્યાપક 'એક દ્રવ્યમયપણા' રૂપે શાશ્વત છે, તેમ છતાં **'દ્રવ્યત્વ' છે તે 'પર્યાયત્વ' નથી અને 'પર્યાયત્વ' છે તે 'દ્રવ્યત્વ' નથી. (આસ્તિ/નાસ્તિ).** આવો પરસ્પર અતદ્ભાવ એક દ્રવ્યમાં હોવા છતાં **'વિરુદ્ધ ધર્મત્વશક્તિ'** એ વસ્તુસ્વભાવ હોવાથી **'વસ્તુ(દ્રવ્ય)'** અવિરોધપણે રહે છે.

– જે પૂર્વની પહેલી પર્યાયમાં ષટ્દ્રવ્યનું જ્ઞાન હતું–તે પર્યાય પણ અન્તર્મગ્ન થઈ ગઈ. **હે ! સાધક !! તું "જાણ".** તારી શ્રુતજ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેથી જાણ કે ભૂતની જે પર્યાય એક સમયમાં શ્રુતજ્ઞાનથી 'છ-દ્રવ્ય'ને જાણવાની તાકાતવાળી હતી તે પર્યાય તો ગઈ, અન્તર્મગ્ન થઈ ગઈ. વર્તમાન પર્યાય સિવાયની પાછળની શ્રુતજ્ઞાનની પર્યાય અને પછીની ઠેઠ કેવળજ્ઞાન સુધીની બધી જ પર્યાયો આવી ગઈ કે કોઈ બાકી રહી ગઈ ? હા, બધી જ આવી ગઈ, એટલે કે જે તારી પર્યાય ભવિષ્યમાં થશે તેમાં પણ છ-દ્રવ્યને જાણવાની તાકાત હશે... તે પર્યાય જાણશે અને પછી જ કેવળજ્ઞાન પ્રગટ થશે. એ પર્યાય પણ સ્વદ્રવ્ય/પરદ્રવ્યને જાણશે જ. પણ તે પર્યાય 'સામાન્ય ચિત્તમાં' અન્તર્મગ્ન છે અર્થાત્ વર્તમાનમાં પર્યાયરૂપે પર્યાય નથી. પણ ધ્રુવમાં તો એનો (પર્યાયનો) પરમ પારિણામિક સ્વભાવભાવ છે. આત્મા અનંત સુખનો-શાંતિનો-આનંદનો સાગર છે. જે શાંતિ ઉત્પન્ન થઈ હતી અને જે ઉત્પન્ન થશે તે બધી પર્યાયરૂપે નથી, દ્રવ્યરૂપે છે. એટલે પર્યાયરૂપે એક સમયની **વર્તમાન પર્યાય–તેને તું "જાણ"**– એ રહી ગઈ કારણ કે એ અન્તર્મગ્ન નથી.

–અધ્યાત્મ દૃષ્ટિનું કેવું સૂક્ષ્મ ચિંતન ! કેવો સૂક્ષ્મ ભાવ !!.... અને કેવળજ્ઞાનની તો શી વાત !! સર્વજ્ઞ વીતરાગના કેવળજ્ઞાનની પર્યાયો આદિ-અનંત આવશે તેમ સાદિ-અનંત રહેશે. એ પર્યાયો પણ વર્તમાનમાં તો દ્રવ્યમાં અન્તર્મગ્ન છે. એનો અર્થ એ થયો કે અનંત સિદ્ધો અને કેવળી ભગવંતો અને છ દ્રવ્યોનું જ્ઞાન પર્યાયમાં આવી ગયું–એ સંબંધી પોતાનું જ્ઞાન અને એ જ્ઞાનની બધી પર્યાયો પણ અન્તર્મગ્ન થઈ ગઈ. ફક્ત વર્તમાન પર્યાય સિવાય કેવળજ્ઞાન પણ સામાન્ય રૂપે જાણે પણ પર્યાયરૂપે નહિ. કેવળજ્ઞાન સાદિ-અનંત થશે એ પર્યાય પણ અંદર દ્રવ્યમાં સામાન્યરૂપે

રહેલ છે. **કેવળજ્ઞાન તો ક્ષાયિકભાવ છે અને સામાન્ય જે ભાવ છે તે તો પરમપારિણામિક ભાવે છે.** કેવળજ્ઞાનમાં જે ભાસે છે તે તો જેવી થવાની છે તેવી જ ભાસે છે ! એ બધી ઉક્ત પ્રમાણે જ છે. એ પર્યાય અંદર અવ્યક્ત છે... અંદર નિમગ્ન છે. એવી વસ્તુને, દ્રવ્યને **'અવ્યક્ત'** કહે છે અને એ એક જ ઉપાદેય છે. પર્યાયમાં 'જાણ' કહેવાથી એ વર્તમાન પર્યાયમાં ભાસતો એવો આ અવ્યક્ત આત્મા-ઉપાદેય છે.

ત્રિકાળી—અપરિણામી તે 'કારણશુદ્ધદ્રવ્ય' છે અને તેનું વર્તતું વર્તમાન તે 'કારણશુદ્ધપર્યાય' છે. વર્તમાનમાં શુદ્ધ દ્રવ્ય (આત્મા)નું લક્ષ્ય (આશ્રય) થતાં આશ્રય લેનાર પર્યાય-કાર્ય શુદ્ધ થાય છે. તેનું ઉદાહરણ—સમુદ્રની સપાટી ઉપર તરંગવાળી અવસ્થાને બાદ કરતાં અંદર જે સ્થિર પાણીનો જથ્થો છે તે છે. રાગ-દ્વેષની પરિણતિઓ આત્માની ઉપરની તરંગવાળી સ્થિતિ છે અને અંદર જે સ્થિર-ગંભીર-સાગર છે તે આત્મસ્વભાવ છે. **'કારણશુદ્ધપર્યાયમાં'** દ્રવ્યના ભૂત અને ભવિષ્યનો સમાવેશ નથી તેટલી વિશેષતા છે. આશ્રય તો દ્રવ્યના માત્ર વર્તમાનનો જ લેવાય છે. ભૂત-ભવિષ્યનો આશરો થવો અશક્ય છે. આવું વસ્તુસ્થિતિનું જ્ઞાન કરાવી મહાપુરુષોએ જગતના જીવો ઉપર અનંત ઉપકાર કર્યો છે. ભૂત-ભવિષ્ય સહિતનું ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય લક્ષમાં લેતાં, અનિવાર્યપણે વિકલ્પની ઉત્પત્તિ થાય છે. જ્યારે સ્વાનુભૂતિ એ તો માત્ર કારણ શુદ્ધદ્રવ્યના લક્ષ્યે વર્તમાનની નિર્વિકલ્પ અવસ્થામાં થાય છે.

# દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ

(મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત)

**સમ્મતિ-તત્ત્વાર્થ મુખ્ય ગ્રંથ, મોટા જે પ્રવચન નિગ્રંથ;**
**તેહનો લેશમાત્ર એ લહ્યો, પરમારથ ગુરુ વયણે રહ્યો...(૧)**

તર્ક શુદ્ધ નિશ્ચય સાપેક્ષ સાધુ ધર્મને જણાવનાર સમ્મતિ તર્કગ્રંથમાંથી આ વાત જણાવેલ છે. વિશેષ સ્વરૂપ ગીતાર્થ સદ્દગુરુ ભગવંત પાસેથી જાણી લેવું. શાસ્ત્રમાં સાત નય સાપેક્ષ દૃષ્ટિ-સંબંધમાં સ્પષ્ટ જણાવેલ છે કે કોઈ પણ એક નયદૃષ્ટિને એકાંતે સત્ય સ્વરૂપે કે એકાંતે અસત્ય સ્વરૂપે સ્વીકારવી યુક્ત નથી તો પછી એકાંતે વ્યવહારદૃષ્ટિ યા એકાંતે નિશ્ચય

દૃષ્ટિ સ્વીકારતાં તો અવશ્ય શ્રી જિનશાસનનું પ્રત્યનિકપણું પ્રાપ્ત થાય છે એમ સમજવું.

**ગુણ પર્યાયતણું જે ભાજન, એક રૂપે ત્રિહું કાલે રે;**
**તેહ દ્રવ્ય નિજ જાતિ કહીયે, જરા નહીં ભેદ વિચાલે રે**
**જિનવાણી રંગે મન ધરીએ... (૨)**

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં જણાવેલ છે કે "गुण पर्यायवत् द्रव्यम्." એટલે કે પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના ગુણપર્યાયની ત્રિકાલિક સત્તા શક્તિથી સદા યુક્ત જ હોય છે. કોઈ પણ દ્રવ્યના પોતાના ગુણો પોતાથી ક્યારેય અળગા હોતા નથી. જો કે જીવદ્રવ્યને-અજીવદ્રવ્ય વ્યવહારથી પરસ્પર સંયોગ સંબંધે પર-પરિણામીપણું છે જે જગતમાં અનેક ચિત્ર-વિચિત્ર-વિવિધ પરિણામે પ્રત્યક્ષ જણાય છે છતાં નિશ્ચયથી કોઈ પણ પુદ્‌ગલ દ્રવ્ય ક્યારેય જીવપણું પામતું નથી તેમ જ કોઈ પણ જીવદ્રવ્ય ક્યારેય પુદ્‌ગલરૂપ સર્વથા બનતું નથી. અનંતા જીવદ્રવ્યો, અનંતા પુદ્‌ગલદ્રવ્યો તેમ જ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ છએ દ્રવ્યો હંમેશાં પોતપોતાના જ ગુણ-ભાવમાં પરિણામ પામતા હોય છે. વ્યવહારથી સંસારી જીવને કર્મ સંયોગે જે પુદ્‌ગલ પરિણામીપણું ભાસે છે તે માત્ર સંયોગ સંબંધે છે કેમ કે અકર્મ એવા સિદ્ધપરમાત્મામાં જન્મ-મરણ કરવારૂપ પર-પરિણામી પણું હોતું નથી. આ માટે આત્માર્થી જીવોએ સર્વ કર્મ સંયોગથી અળગા થવાનો પ્રયત્ન કરવો હિતાવહ છે અન્યથા આ સંસારમાં અનિચ્છાએ નિરાધારપણે રખડવાનું ચાલુ રહેશે.

**ધરમ હુઈ જે ગુણ સહભાવી, ક્રમભાવિ પર્યાયો રે;**
**ભિન્ન-અભિન્ન ત્રિવિધ તિમ લક્ષણ, એક પદાર્થે પાયો રે.**
**જિનવાણી રંગે મન ધરીએ....(૩)**

પૂર્વે દ્રવ્યને જે ગુણ-પર્યાયયુક્ત (સમવાય સંબંધે) જણાવ્યું તેમાં એટલું વિશેષ કરી સમજવું કે દ્રવ્યમાં ગુણની સત્તા-શક્તિ તો ત્રણે કાળ રહેલી હોય જ છે. પરંતુ તે સત્તા-શક્તિનું ભિન્ન-ભિન્ન પરિણમન રૂપ જે પર્યાય સ્વરૂપ છે તે તો માત્ર એક સમય માત્ર જ તે સ્વરૂપે હોય છે. દ્રવ્યમાં ગુણ સહભાવી (યુગપત) અર્થાત્ યાવત્ દ્રવ્યભાવી હોય છે. જ્યારેય પર્યાય ક્રમભાવી હોવાથી સદાકાળ એક સ્વરૂપી હોતો નથી. આમ છતાં દ્રવ્ય-

ગુણ અને પર્યાય તે ત્રણે દ્રવ્યત્વ સ્વરૂપે એક છે. અર્થાત્ તેઓને એકબીજાથી સર્વથા ભિન્નપણું છે કે સર્વથા અભિન્નપણું છે એમ જાણવાનું નથી પણ તેઓને ભિન્નાભિન્ન સમજવા.

**જિમ મોતી ઉજ્વલતાદિકથી, મોતીમાલ અલગી રે;**
**ગુણ-પર્યાય વ્યક્તિથી જાણો, દ્રવ્ય શક્તિ તિમવલગી રે.**
**જિનવાણી રંગે મન ધરીએ...(૪)**

મોતીની માળારૂપ દ્રવ્યમાં મોતી તે પર્યાય સ્વરૂપે છે કેમ કે તે માળારૂપ (એક) દ્રવ્યમાં નાના મોટા અનેક મોતી ભિન્ન ભિન્ન સ્વરૂપી પણ હોય છે. જ્યારે સર્વ મોતીઓનાં ઉજ્જ્વળતા રૂપ ગુણનો એક અભિન્ન સ્વરૂપે છે. આથી સ્પષ્ટ સમજાય તેમ છે કે ગુણ દ્રવ્યથી તેમ જ પર્યાયથી પણ અભિન્ન છે. આથી પ્રત્યેક દ્રવ્યને અનેક ગુણ પર્યાય યુક્ત જાણવું તેમાં પર્યાય સહભાવી ન કહેતાં ક્રમભાવી જાણવું. તેથી દ્રવ્ય કોઈ એક પર્યાય સ્વરૂપે સદા એકસમાન હોતું નથી. વળી બીજી રીતે મોતી તો વીંટી-બંગડી આદિ અનેક પર્યાયને પામવાવાળું થાય છે તેથી તેને વિવિધ સ્વરૂપે તે ક્રમભાવીપણું પ્રાપ્ત થતું હોવાથી માળાદિ અનેક પર્યાયરૂપ પણ બને છે જ્યારે મોતીમાં (દ્રવ્યમાં) તેમ જ તેની વિવિધ પર્યાયોમાં ઉજ્જ્વળતારૂપ ગુણ તો સદાકાળ વર્તતો જ હોય છે. આથી સમજવાનું કે સકળ (છએ) દ્રવ્યો પોતપોતાની ગુણશક્તિમાં સદાકાળ નિત્ય તેમજ વિવિધ પર્યાય સ્વરૂપે પરિણમી હોય છે. (નિત્યાનિત્ય).

**ઊર્ધ્વતા સામાન્ય શક્તિ તે, પૂર્વ-અપર ગુણ કરતી રે;**
**પિંડ કુષુલાદિક આકારે, જીમ માટી અણ ફિરતી રે.**
**જિનવાણી રંગે મન ધરીએ રે....(૫)**

હવે દ્રવ્યના પારિણામિક ભાવની પારિણામિક શક્તિને બે ભેદથી જણાવાય છે. (૧) **ઊર્ધ્વતા સામાન્ય શક્તિ** – તે તેને જાણવી કે જેમ માટી દ્રવ્યમાંથી ઘટ બનાવવા માંડ્યો, તે વખતે તે માટીદ્રવ્ય ચાકડા ઉપર જે અનેક પ્રકારના આકાર (પિંડ-સ્થાન-કોષ-કુષુલાદિ) જુદા જુદા રૂપે પરિણમતું હોવા છતાં તે સર્વમાં માટીપણું તો એકરૂપે જણાય જ છે એટલે કે તે જુદા જુદા પર્યાય સ્વરૂપમાં પણ જે માટીપણું છે તે તો કાયમ રહેતું હોય છે તેને માટીદ્રવ્યમાં વિવિધપણું પામવારૂપ **'ઊર્ધ્વતા સામાન્ય શક્તિ'**

જાણવી. તેમ જ વળી એક આત્મદ્રવ્યમાં વ્યવહારથી તે જીવના બાળ-યુવા-વૃદ્ધત્વ અવસ્થામાં પણ આ તે જ જીવ છે એવી એકત્વપણાની બુદ્ધિને પણ ઊર્ધ્વતા સામાન્ય શક્તિનો ભેદ જાણવો.

**ભિન્ન વિગતિ (વ્યક્તિ)માં રૂપ એક જ, દ્રવ્ય શક્તિ જે દાખે રે;**
**તે તિર્યગ સામાન્ય કહી રે, જિમ ઘટ ઘટપણે રાખે રે,**
**જિનવાણી રંગે મન ધરીએ રે....(૬)**

એક જ માટી દ્રવ્યના જે વિવિધ આકારો-રૂપો બનાવેલા હોય તેમાં સર્વ ઘડીઓ પણ જે ઘટરૂપે-એકસ્વરૂપે જણાય છે, તેમ જ વળી સર્વે કુંડીઓ, કોઠીઓ, કોડિયાઓ ભિન્ન-ભિન્ન આકારે હોવા છતાં એક જાતિરૂપે જે જણાય છે એટલે કે માટી દ્રવ્યના વિવિધ કાર્ય પર્યાય સ્વરૂપોમાં પણ જે એક **'જાતિત્વ શક્તિ'** રૂપે જણાય છે તેને **'તિર્યગ સામાન્ય શક્તિ'** જાણવી. આ બન્ને સામાન્ય શક્તિઓ જાણવી જરૂરી છે કારણ કે 'ઊર્ધ્વતા સામાન્ય શક્તિમાં' અનેકવિધ કાર્ય-કારણરૂપ વિવિધ પરિણામોમાં પણ આ તેહી જ દ્રવ્ય છે, એમ મુખ્યપણે એક દ્રવ્યત્વને જ ગ્રહણ કરાય છે. બીજી 'તિર્યગ સામાન્ય શક્તિમાં અનેક દ્રવ્યોના ભિન્ન-ભિન્ન (કાર્યરૂપ) પર્યાય વિશેષોમાં એકાકાર બુદ્ધિ ઊપજે છે. જીવદ્રવ્યના નારકી-તિર્યંચ-મનુષ્ય તેમ જ દેવાદિ ભવોમાં-પર્યાયોમાં અનેક જીવો સંબંધે પણ આ સર્વે જીવો નારકી-તિર્યંચ-મનુષ્ય તેમ જ દેવસ્વરૂપી જીવદ્રવ્યો છે એવી જે એકાકાર પ્રતીતિ (દ્રવ્યત્વ) ઉપજાવે છે તેને તિર્યગ સામાન્ય શક્તિનો ભેદ જાણવો. વળી વિશેષમાં સમજવું કે જ્યાં વિવિધ દ્રવ્ય-પર્યાય વિશેષોમાં એક કાળે જે જાતિત્વાદિ ભાવે એકાકાર બુદ્ધિ ઊપજે છે તેને તિર્યગ સામાન્યપણું સમજવાનું છે. જ્યારે એક જ દ્રવ્યમાં કાલાદિ ભેદે અનુગતાકારે અનેકવિધ કાર્યકારણરૂપ પર્યાય શક્તિઓને એક જ દ્રવ્યમાં અભિન્નભાવે જોવી તેને ઊર્ધ્વતા સામાન્યપણું સમજવાનું છે. આ બન્ને શક્તિઓમાં ઊર્ધ્વતા સામાન્ય તે **'અ-પર'** સામાન્ય હોવાથી નિશ્ચયથી એકત્વ ભાવરૂપ હોય છે. તિર્યગ સામાન્ય તે **'પર' સામાન્ય** હોવાથી વ્યવહારથી અનેકવિધ દ્રવ્યોમાં એકત્વ બુદ્ધિ ઉપજાવનાર હોય છે. આ રીતે સમસ્ત દ્રવ્યોના સ્વ-પર ગુણ-પર્યાયને સામાન્ય-વિશેષથી કથંચિત ભિન્ન – કથંચિત્ અભિન્ન સ્વરૂપે જાણવા જરૂરી છે.

**શક્તિ માત્ર તે દ્રવ્ય સર્વની, ગુણ-પર્યાયની લીજે રે;**
**કાર્યરૂપ નિકટ દેખીને, સમુચિત શક્તિ કહી જે રે.**
**જિનવાણી રંગે મન ધરીએ રે....(૭)**

પ્રત્યેક દ્રવ્યમાં પોત-પોતાના અનેક ગુણ-પર્યાયોની અનંત શક્તિ રહેલી છે પરંતુ તેમાં જે ગુણ-પર્યાય (પરિણમન) શક્તિ અપેક્ષિત કાર્યની નિકટવર્તી જણાય (સમજાય) તેને **'સમુચિત શક્તિ'** કહેવી. અને જે શક્તિ કાર્યથી દૂરવર્તી હોય અર્થાત્ પરંપરાએ (સત્તાએ) કારણરૂપ હોય તેને **'ઓઘ શક્તિ'** જાણવી.

**ઘુતની શક્તિ યથા તૃણભાવે, જાણી પણ ન કહાય રે;**
**દુગ્ધાદિક ભાવે તે જનને, ભાષી ચિત્ત સુહાય રે...**
**જિનવાણી રંગે મન ધરીએ રે...(૮)**

જેમ ઘી-તત્ત્વની મૂળભૂત શક્તિ તો ઘાસમાં રહેલી છે – ગાય-ભેંસ વગેરે પશુઓ ઘાસ ખાઈને દૂધ આપે છે - છતાં ઘાસને ઘીનું કારણ કહેવું લોકવ્યવહારમાં ઉચિત નથી પરંતુ દૂધ-દહીં-માખણ વગેરેને જ ઘીનું કારણ જાણી તેનો વ્યવહાર કરાય છે. ઘાસમાં ઘીની શક્તિ જોવી તે **'ઓઘશક્તિ'** વિશેષથી સમજવી અને દૂધ વગેરેમાં ઘીની શક્તિ જાણવી તે **'સમુચિત શક્તિ'** માનવી. આ જ રીતે ભવ્ય જીવમાં મુક્તિની યોગ્યતા જોવી તે 'ઓઘશક્તિ' જાણવી અને સમ્યગ્ દર્શન પામેલ જીવમાં મુક્તિની યોગ્યતાનું અધિકારત્વ જોવું તે 'સમુચિત શક્તિ'નો ભેદ જાણવો.

**ઓઘે ધર્મશકિત પ્રાણીને, પુરવ પુદ્ગલને આવર્તે રે;**
**સમુચિત શક્તિ જિમ વલી કહીએ, છેહલે ચરમે તે આવર્તે રે.**
**જિનવાણી રંગે મન ધરીએ રે... (૯)**

અનાદિથી કર્મસંયોગે આ સંસારમાં જન્મ-જરા-મરણ રૂપે ભટકતાં પ્રત્યેક જીવમાં જોકે ઓઘે ધર્મ કરવાની ઇચ્છા (સંજ્ઞા) અનંત પુદ્ગલ પરાવર્તન કાળ પૂર્વે પણ હોય છે પણ તે વખતે તે જીવ ધર્મને નામે અધર્મ આચરતો હોય છે. પરંતુ જ્યારે જે કોઈ જીવને એક પુદ્ગલ પરાવર્તન કાળથી અધિક સંસારમાં રહેવાપણું ન રહ્યું હોય ત્યારે તે ભવ્ય જીવ મોક્ષ પામવા માટે છેલ્લા પુદ્ગલ પરાવર્તન કાળમાં (ચરમાવૃત્તમાં) પ્રવેશ્યો હોય છે. તેને જે પ્રગટભાવે ન્યાયસંપન્ન વૈભવ પ્રાપ્ત કરી દાનાદિ ધર્મ કરવાની

ઈચ્છા થાય છે અને મૈત્રાદિ ભાવનાયુક્ત પ્રવર્તન કરતો હોય છે તેને ધર્મતત્ત્વ પ્રાપ્ત કરવા માટેની **'સમુચિત શક્તિ'** જાણવી. આ વ્યવહાર નયના સ્વરૂપની અવગણના કરનારા માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે આવા એકાંત શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિવાળો આત્મા પોતાનું દ્રવ્ય વર્તમાનમાં શુદ્ધ ક્રિયા-પરિણત અર્થથી યુક્ત ન હોવા છતાં તે અર્થથી પોતાને યુક્ત માનતો થકો મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે. અર્થાત્ આત્મ શુદ્ધાર્થે સંવર-નિર્જરા તત્ત્વનો યથાર્થ આદર કરી શકતો નથી.

**"કાર્યભેદે શક્તિભેદ", ઈમ વ્યવહારે વ્યવહારિયે રે;**
**નિશ્ચય "નાના-કાર્ય-કારણ એકરૂપ" ને અવધારિયે રે....**
**જિનવાણી રંગે મન ધરીએ....(૧૦)**

પ્રત્યેક દ્રવ્યમાં પ્રત્યેક કાર્ય પરિણામની પૂર્વે એટલે અનંતકારણરૂપે જે નિકટવર્તી શક્તિ રહેલી હોય છે તેને **'સમુચિત શક્તિ'** જાણવી; તેમ જ જે શક્તિ કાર્યપરિણામમાં દૂરવર્તી કારણરૂપે હોય તેને **'ઓઘશક્તિ'** જાણવી. આ રીતે ભિન્ન ભિન્ન કાર્યમાં જે દૂરવર્તી કારણરૂપ શક્તિ છે તેને પરંપર કારણરૂપે જાણવી જરૂરી છે. જો કે દ્રવ્યનો કોઈ પણ સમયનો કોઈ પણ પરિણામ (પર્યાય) પૂર્વોત્તર ભાવે તો (વ્યવહારથી) કાર્ય-કારણ ઉભય સ્વરૂપ છે પરંતુ નિશ્ચયદૃષ્ટિએ તો દ્રવ્યનો કોઈ પણ પર્યાય કાર્ય યા કારણરૂપ નથી. તે તો માત્ર તે કાળ પૂરતો તે દ્રવ્યનો પરિણામ (પર્યાય) માત્ર છે. કેમ કે અનાદિ-અનંત શાશ્વત દ્રવ્યમાં જે જે કાળે જે જે શુદ્ધ તેમ જ અશુદ્ધ કારણ અર્થાત્ હેતુસાપેક્ષ જે જે પર્યાય પ્રાપ્ત થાય છે તે, તે કાળે દ્રવ્યની સદ્ભુત અવસ્થા રૂપ હોઈ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન તેમજ કથંચિત અભિન્ન હોય છે. કોઈ પણ દ્રવ્યનો કોઈ પણ પર્યાય આવિર્ભાવ સ્વરૂપે કે તિરોભાવ સ્વરૂપે નિત્યાનિત્ય હોય છે. આ રીતે દ્રવ્યને પણ ગુણ-પર્યાયની ભિન્નાભિન્નતાએ નિત્યાનિત્યપણું પ્રાપ્ત થાય છે એમ જાણવું. અન્યથા દ્રવ્યને એકાંતે નિત્ય અને પર્યાયને એકાંતે અનિત્ય માનવો તે પણ અજ્ઞાન સ્વરૂપી હોઈ મિથ્યાજ્ઞાન છે.

**ગુણ-પર્યાય વિગત (વ્યક્તિ) બહુ ભેદે, નિજનિજ જાતી વર્તે રે;**
**શક્તિ-રૂપે ગુણ કોઈક ભાસે, તે નહીં માર્ગે નિરતે રે.**
**જિનવાણી રંગે મન ધરીએ....(૧૧)**

કેટલાક શ્રી જિન-ભાષિત સિદ્ધાંતથી વિપરીત પણે **દ્રવ્ય-ગુણ-પર્યાયને** ભિન્ન ભિન્ન સ્વરૂપે ઓળખાવે છે. તેઓનો તથાસ્વરૂપી વાચના ભેદ તત્ત્વતઃ યુક્ત નથી. કેમ કે કોઈ પણ કાળે દ્રવ્યનો કોઈપણ પર્યાય દ્રવ્યથી સર્વથા ભિન્ન એકલા ગુણ-પર્યાયરૂપ હોતો નથી. કેમ કે દ્રવ્ય તો સદાકાળ પોતપોતાના ગુણોના અને પર્યાયોના ત્રિકાલિક સમૂહરૂપ છે. હા, પ્રત્યેક કાળના પ્રત્યેક સમુચિત દ્રવ્ય-પર્યાયને (સમસ્ત ગુણ-પર્યાય યુક્ત) એક સ્વરૂપે જાણવાનો છે. તેમ જ વળી તે જ દ્રવ્યમાં તે જ કાળે જે અનેકવિધ ગુણોની અનેકવિધ પર્યાય સ્વરૂપથી અનેકતા પણ છે. પર્યાય સ્વરૂપની આ એકાનેકતા વળી દ્રવ્યની તેમ જ ગુણની અભિન્નતાએ અવિરોધી છે. જેઓ દ્રવ્યશક્તિ અને ગુણશક્તિને ભિન્ન-ભિન્ન જણાવે છે તેઓ પણ ગુણને દ્રવ્યથી સર્વથા ભિન્ન તો માનતા નથી તો પછી પર્યાયમાં જે એક અનેકતા છે તેમાં દ્રવ્ય-પર્યાય સ્વરૂપે એક પર્યાયરૂપતા તેમ જ ગુણપર્યાયની અપેક્ષાએ દ્રવ્યને અનેક પર્યાયસ્વરૂપી કહેવામાં તેઓને શું વાંધો છે ? તેઓનો દ્રવ્ય પર્યાય અને ગુણ-પર્યાયની ભિન્ન વિવક્ષાનો હેતુ આત્માના સાંસારિક વિભાવ પર્યાયો તે આત્માના સ્વ-પર્યાયો નથી એવું ઉત્સૂત્ર પ્રરૂપણાનો છે. પરંતુ તેથી કાંઈ વસ્તુ સ્વરૂપને અન્યથાપણું પ્રાપ્ત થઈ જતું નથી. કેમ કે તત્ત્વાર્થ સૂત્રમાં જીવતત્ત્વના પાંચે ભાવોને કુલ ત્રેપન (૫૩) ભેદથી જણાવ્યા છે. અન્યથા આત્માના સંસારી અને સિદ્ધ એવા ભેદો સંબંધી સમસ્ત વિચારણા કેવળ વિચાર માત્ર જ બની જાય જે મુમુક્ષુને ઇષ્ટ હોઈ શકે નહી.

**પર્યાયથી ગુણ ભિન્ન ન ભાખ્યો, સમ્મતિ ગ્રંથે વ્યક્તિ રે;**
**જેહનો ભેદ વિવક્ષાવશથી, તે કિમ કહીએ શક્તિ રે...**
**જિનવાણી રંગે મન ધરીએ....(૧૨)**

સમ્મતિ તેમ જ તત્ત્વાર્થ પ્રમુખ શાસ્ત્રોમાં **"દ્રવ્યને ગુણ-પર્યાયવત્"** કહેલ છે આથી સ્પષ્ટ સમજાય છે કે દ્રવ્ય પોતાની અનેક ગુણવત્તાએ સદાકાળ નિત્ય હોવા છતાં વિવિધ સ્વરૂપે પરિણામી હોવાથી નિરંતર કારણ સાપેક્ષ ભિન્ન ભિન્ન સ્વરૂપે ભિન્ન ભિન્ન પરિણામવાળું હોય છે. સમસ્ત સંસારી જીવોને જે કર્મ સંયોગે જે પરપુદ્ગલ પરિણામીપણું છે તે તેનું વિભાવ પરિણમન જાણવું. કેમ કે પ્રત્યેક સમયે દ્રવ્ય સ્વ-સ્વગુણ અને

પર્યાય યુક્ત જ હોય છે. કોઈ પણ કાળે કોઈ પણ દ્રવ્ય પર્યાય વગરનું હોતું નથી તેમ જ પર્યાય વગરનો દ્રવ્ય હોતો નથી. તેમ જ "द्रव्याश्रवा निर्गुणा गुणा:" એ સૂત્રના આધારે ગુણો પણ દ્રવ્યને આશ્રયોને જ રહેલા હોય છે. સ્વ સ્વજાતિ દ્રવ્યમાં પોત-પોતાના આત્મ દ્રવ્યમાં અનેકવિધ સ્વ-પરભાવી ગુણ-પર્યાયનું કથંચિત્ ભિન્નપણું તેમ જ કથંચિત્ અભિન્નપણું હોય છે. આથી જ તો સંસારી જીવોને પુદ્‌ગલ સંયોગી ભાવે પ્રાપ્ત પર્યાયો તે તે દ્રવ્ય સંબંધે કાર્ય-કારણભાવે કથંચિત્ 'ભિન્નાભિન્ન' હોય છે, અને તેથી જ તો જીવને કર્મસંયોગે ચારે ગતિમાં ભટકવું પડે છે જે પ્રત્યક્ષ અવિરોધી છે.

**જો ગુણ ત્રીજો હો પદારથ, તો ત્રીજો નય લહીએ રે;**
**દ્રવ્યાર્થ-પર્યાયાર્થ નય, તેઈ જ સૂત્રે કહીએ રે.**
**જિનવાણી રંગે મન ધરીએ....(૧૩)**

જો દ્રવ્યથી અને પર્યાયથી ગુણ ત્રીજો ભિન્ન પદાર્થ હોત તો શાસ્ત્રોમાં જ્ઞેયને જાણવા માટે જ્ઞાન-સ્વરૂપમાં જે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે જ નયનું વર્ણન કરેલ છે તેની સાથે ત્રીજા ગુણાર્થિકનયની વ્યાખ્યા પણ કરી હોત પરંતુ તેમ તો શાસ્ત્રમાં ક્યાંય જણાતું નથી આથી ગુણત્વને સ્વતંત્ર માનવું યુક્ત નથી. કેમ કે અનેકવિધ ગુણ પરિણમનને જે અનેક વિવિધતા છે તે અનેકવિધ પર્યાયદષ્ટિએ છે અને તે સકળ પર્યાયનું જે એકત્વે એક સ્વરૂપ છે તે જ દ્રવ્ય પર્યાય છે. આ રીતે દ્રવ્ય-પર્યાયને એકતારૂપ અને ગુણ-પર્યાયને અનેક સ્વરૂપે જોવામાં ખાસ કોઈ વિરોધ ભાસતો નથી. કેમ કે સકળ ગુણ-પર્યાયની સત્તાનો આધાર તે દ્રવ્ય છે. વળી વિશેષે સમજવું કે આત્મ-દ્રવ્યના ગુણ-પર્યાયમાં ગુણો ધ્રુવભાવમાં પણ પરિણમન પામતા હોય છે. જ્યારે પુદ્‌ગલ દ્રવ્યના વર્ણાદિ ગુણો તો દ્રવ્યના સ્વભાવ મુજબ પુરણ-ગલન ભાવમાં અર્થાત્ અધ્રુવ ભાવમાં પરિણમન પામતાં હોય છે.

**જો ગુણદળ પર્યાયનું હોવે, તો દ્રવ્યે શું કીજે રે;**
**ગુણ પરિણામ (પર્યાય) પટંતર કેવલ ગુણ-પર્યાય કહી જે રે.**
**જિનવાણી રંગે મન ધરીએ....(૧૪)**

વળી જો ગુણોને જ પર્યાયનું ઉપાદાન કારણ માનવામાં આવે તો તે પણ તર્કયુક્ત નથી કારણ કે તો પછી દ્રવ્યનું કાંઈ જ પ્રયોજન રહેતું

નથી. આથી તો આ જગતનાં સર્વ પરિણામોને કેવળ તે તે ગુણ-પર્યાયો જ માનવા પડશે પરંતુ તેમ માનવાથી દ્રવ્યત્વરૂપ ગુણ-પર્યાયના આધાર તત્ત્વનો જ અપલાપ થઈ જતાં સર્વત્ર કેવળ એકાંતિક તેમ જ આત્યંતિક ક્ષણિકતા જ પ્રાપ્ત થશે જ્યારે અનુભવે અવિરુદ્ધ તત્ત્વતઃ દ્રવ્ય નિત્ય હોય છે જે ત્રિકાલિક સકલ ગુણ-પર્યાયનો આધાર છે.

**એક અનેકરૂપથી એણી પરે, ભેદ પરસ્પર ભાવો રે;**
**આધારાધેયાદિક ભાવે, ઈમ જ ભેદ મન લ્યાવો રે.**
**જિનવાણી રંગે મન ધરીએ...(૧૫)**

દ્રવ્ય એક છે, જે અનેક ગુણ-પર્યાયોના આધારરૂપ છે. જ્યારે એક દ્રવ્યને આશ્રીતે રહેલા અનેક ગુણો પોતપોતાના ભાવે પરિણમનમાં અનેકવિધ પરિણમનતા દ્રવ્યને પ્રાપ્ત થાય છે. તેમ છતાં તે સઘળાયે ભિન્ન ભિન્ન ગુણોની ભિન્ન ભિન્ન પરિણમનતાને દ્રવ્યત્વે તો એકધારત્વે તો એકત્વપણું છે. એમ સમજવું. આથી જ તો આત્માના ભિન્ન ભિન્ન પ્રદેશે વીર્ય ગુણનું પ્રવર્તન ભિન્ન ભિન્ન શક્તિવાળું હોવા છતાં, સર્વ આત્મપ્રદેશે બંધ એકસરખો થાય છે. તેમ જ નિરાવર્ણતા એટલે કે ગુણલબ્ધિ સર્વ પ્રદેશે એકસરખી હોય છે.

**દ્રવ્ય આધાર ઘટાદિક દીએ, ગુણ-પર્યાયો આધેયો રે;**
**રૂપાદિક એકેન્દ્રિય ગોચર, દોય ઘટાદિક વંઓ રે...**
**જિનવાણી રંગે મન ધરીએ...(૧૬)**

વળી પણ **દ્રવ્ય-ગુણ-પર્યાય**ની જે કથંચિત ભેદાભેદતા છે તેને દૃષ્ટાંતથી સમજાવે છે કે જેમ માટીના ઘટરૂપ દ્રવ્યમાં તેની આકૃતિ અને વર્ણાદિ તે ઘટથી અભિન્ન છે કેમ કે તે ઘટરૂપ દ્રવ્યને આશ્રયીને (આધારે) તે ઘટ સંબંધે આધેય ભાવે રહેલા છે, જે પ્રત્યક્ષ અવિરુદ્ધ છે. વળી તેના કથંચિત ભેદ સ્વરૂપને સમજવા માટે જણાવે છે કે ઘટમાંના ભિન્ન ભિન્ન વર્ણાદિ ભાવો દરેક ઇન્દ્રિય વડે જાણી શકાય છે જ્યારે ઘટદ્રવ્યનું ઘટત્વ ચક્ષુઇન્દ્રિય તેમ જ સ્પર્શેન્દ્રિયથી પણ જાણી શકાય છે.

**સંજ્ઞા-સંખ્યા લક્ષણથી પણ, ભેદ એહનો જાણી રે;**
**સુજસ કારિણી શુભગતિ ધારો, દુર્મિત વેલી કપાણી રે.**
**જિનવાણી રંગે મન ધરીએ...(૧૭)**

પૂર્વે જણાવ્યા મુજબ ગુણ-પર્યાયના આધાર રૂપ દ્રવ્યને દ્રવ્યત્વભાવે તેમ જ એક દ્રવ્યને આશ્રયીને (દ્રવ્યભાવીપણે) રહેલા અનેક ગુણોને ગુણ સ્વરૂપે અને પ્રત્યેક સમયે પરિણામ પામતાં દ્રવ્યના સ્વરૂપને એકત્વરૂપે તેમ જ ભિન્ન-ભિન્ન પર્યાયના સ્વરૂપને અનેક સ્વરૂપે ભિન્ન ભિન્ન ભાવે જાણવા જરૂરી છે. એટલે કે સંખ્યાસંબંધે જે દ્રવ્ય એક છે તેનો દ્રવ્યપર્યાય પણ એક જ હોય છે. પણ તેના પરિણામી ગુણો અનેક હોવાથી ભિન્નાભિન્ન ગુણપરિણામ વડે એક જ દ્રવ્યમાં પર્યાયો અનેક હોય છે. આ રીતે સુહગુરુ જોગથી દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદાભેદને એકાનેકત્વ સ્વરૂપથી યથાર્થ-અવિરુદ્ધ ભાવે અવધારવાથી આત્માર્થ સાધી શકાય છે. સંસારી આત્માને પોતાની અનેકવિધ વર્તમાન અશુદ્ધતા ટાળીને ક્ષાયકભાવની શુદ્ધિ પ્રાપ્ત કરવાની હોય છે. આ સંબંધે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં અ-૨૮, ગા-૮માં કહ્યું છે કે

**"गुणाणभासओ दव्वं, एगदव्वसिया गुणाः ।**
**लक्खणं पज्जवाणंतु उभओ अस्सिआभवे ॥"**

દ્રવ્ય અનેક ગુણોના સમુદાયરૂપ (આધારરૂપ) હોય છે. વળી ગુણો તે એક જ દ્રવ્યને આશ્રયીને રહેતા હોય છે, જ્યારે પર્યાય સ્વરૂપો તો બન્ને (જડ-ચેતન) દ્રવ્યોને રહેવાપણું હોય છે. સંસારી જીવોના સમસ્ત "ઓદયિકભાવ"નું પરિણમન જડ-ચેતનના સંયોગ સંબંધવાળું હોય છે. વળી જ્ઞાનસારમાં પણ જણાવ્યું છે કે પરસ્પર મળેલા જીવ અને જડ-પુદ્‌ગલ દ્રવ્યોના પર્યાયોની ભિન્નતાને સમ્યક દર્શન પામેલા જીવો જ જુદા જુદા પાડી ભેદ વિજ્ઞાન દ્વારા આત્મદ્રવ્યનાં શુદ્ધ ગુણ-પર્યાયમાં રમણતા કરવા વડે પોતાના આત્માને સર્વ કર્મબંધનથી મુક્ત કરી સિદ્ધદશા પામે છે. સંસારી આત્માને એકાંતે શુદ્ધ દ્રવ્યત્વરૂપે સ્વીકાર કરનારો આત્મા મૃષાવાદી જાણવો કેમ કે આત્માનું આત્મભાવમાં જ સ્વાધીનપણે સંપૂર્ણ શુદ્ધ પરિણમન તો કેવળ સિદ્ધ પરમાત્માને વિષે જ ઘટી શકે છે. શાસ્ત્રોમાં જે સર્વે દ્રવ્યો નિરંતર પોત-પોતાના સ્વભાવમાં પરિણામ પામતાં હોય છે એમ જે જણાવ્યું છે તે **'પારિણામિક'** ભાવ સમજવાનું છે. (સહજ-સમવાયભાવ) કેમ કે તે જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોને અનાદિ સંસારમાં જે પરસંયોગે પરસ્પર પરપરિણામીપણું પણ જણાવ્યું છે (જે જગતમાં સંસારી જીવમાં પ્રત્યક્ષ

અવિરોધી છે) તેમાં જીવ દ્રવ્ય સંબંધે જે પાંચ ભાવમાં સંસારી જીવો પરિણામ પામે છે તેનો ગીતાર્થ-ગુરુગમથી યથાર્થ અવિસંવાદી ભાવે નિઃશંકપણે અવશ્ય અવધારણ કરવું આવશ્યક છે. અન્યથા જીવ આત્માના સાચા સ્વરૂપના સંબંધમાં રહેલી ભ્રાંતિથી કદાપિ આત્માર્થ સાધવા સમર્થ બની શકતો નથી એવું નિશ્ચયથી સમજવું.

**એકાંતે જો ભાખીયેજી, દ્રવ્યાદિકનો રે ભેદ;**
**તો પર દ્રવ્ય પરે હુએજી, ગુણ-ગુણીભાવ ઉચ્છેદ...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ....(૧૮)**

જો દ્રવ્યને એના ગુણ-પર્યાય સ્વરૂપથી એકાંતે ભિન્ન માનીએ તો આ દ્રવ્યના આ ગુણ છે અને આ પર્યાયો પણ તે જ દ્રવ્યના છે એવી વ્યવસ્થા રહેશે નહિ અને તો જગતમાં પ્રત્યેક દ્રવ્યનો સમગ્ર વ્યવહાર જે ગુણ-ગુણીભાવે થાય છે તે સકલ વ્યવહાર ઉચ્છેદ થઈ જશે. ભિન્ન ભિન્ન આટા (લોટ)ના ગુણ તે તે આટાના દ્રવ્યમાં હોય છે. તેમ જ ઘીના ગુણ પણ ઘીમાં અને ગોળના ગુણ ગોળમાં હોય છે તે થકી જ તો વિવિધ પ્રકારના લાડુ બનાવવાનો વ્યવહાર પ્રવર્તે છે. આ જ રીતે અરૂપી જીવદ્રવ્યમાં જ જીવના જ્ઞાનાદિ ગુણો હોય છે અને પુરણ-ગલન સ્વભાવી પુદ્ગલ દ્રવ્યમાં જ વર્ણાદિ ગુણો હોય છે. જડ પુદ્ગલ દ્રવ્યો અને ચેતન જીવદ્રવ્યો ભિન્ન ભિન્ન ગુણ-પર્યાયની સત્તાએ મુક્ત હોવા છતાં છદ્મસ્થ જીવોમાં બન્ને દ્રવ્યોના સંયોગ સંબંધે બન્ને દ્રવ્યમાં વિવિધ-વિચિત્ર-ચિત્ર પરિણામીપણું છે. જે પ્રત્યક્ષ અનુભવથી અવિરોધી છે, તેથી તેનો એકાંતે અપલાપ કરવો તે તર્કયુક્ત નથી. આમ છતાં જડ-ચેતન બન્ને દ્રવ્યો પોતપોતાના ગુણ પર્યાયની સત્તાએ અનાદિ અનંત નિત્ય-શાશ્વત છે. આથી સમજાય છે કે વિશ્વમાં જીવ અને પુદ્ગલદ્રવ્યોને પરસ્પર પરસંયોગે કથંચિત પરપરિણામીપણું ભાસે છે છતાં કોઈ પણ જીવ-દ્રવ્ય પોતાનું જ્ઞાનાદિ મૂળ સ્વરૂપ સર્વથા છોડીને ક્યારેય પુદ્ગલરૂપ (જડ) બનતો નથી. તેમ જ પુદ્ગલ દ્રવ્યો પણ પોતાના વર્ણાદિ સ્વરૂપને છોડીને ક્યારેય જીવરૂપે પરિણમતા નથી. આથી જ તો સકળ સંસારી જીવમાં પુદ્ગલ સંયોગી ભાવે બન્ને દ્રવ્યોને પોતપોતાના ગુણપર્યાયથી સમવાય સંબંધે તેમ જ સંયોગ સંબંધે જે કથંચિત્ ભિન્ન-ભિન્નતા છે તે થકી તો આ જગતનો

સકળ વ્યવહાર પ્રવર્તે છે. વિશેષતઃ સમજવું કે સંસારી જીવ-દ્રવ્યોને પર-પુદ્‌ગલ સંયોગે જે કથંચિત્ પુદ્‌ગલ પરિણામીપણું છે તેથી જ તો જીવ દ્રવ્યને પોતાના કર્મ પરિણામની પરાધીનતાના કારણે આ સંસારમાં વિવિધ ગતિ-યોનિ-લિંગાદિ સ્વરૂપો ધારણા કરવા પડે છે જે પ્રત્યક્ષ છે. તેમ છતાં તત્ત્વતઃ (નિશ્ચય સ્વરૂપે) તો બન્ને પોત-પોતાના ભાવમાં જ પરિણામ પામતા હોય છે. આથી જ તો અરૂપી એવા જીવદ્રવ્ય અને રૂપી એવા પુદ્‌ગલ દ્રવ્યના સંયોગથી જીવને દેહાદિ ભાવે વિવિધ પ્રકારનું યોગનું પરિણમન થતું પ્રત્યક્ષ અનુભવાય છે. અન્યથા અરૂપી આત્મ-દ્રવ્ય અને તેના ગુણ-પર્યાયનું સ્વરૂપ જણાય જ નહિ. વળી જીવ-દ્રવ્યને રાગાદિ જે પરિણામ થાય છે તે પણ તેનું સાચું સ્વસ્વભાવ પરિણમન સ્વરૂપ નથી. પરંતુ પુદ્‌ગલ-કર્મસંયોગી ભાવે તે-તે આત્માઓનું તે-તે પ્રકારનું વિભાવ પરિણમન છે (પર્યાય છે). જે કોઈ જીવદ્રવ્યને ઔદ્‌યિક (સંયોગિક) ભાવે જે ત્રિકરણ યોગાત્મક વિભાવ પરિણમન છે તેમાં અજ્ઞાન-મિથ્યાત્વના કારણે કષાય પરિણામ કરીને તેમાં પોતે કર્તૃત્વભાવે જોડાય છે તે જીવને તે થકી નવું કર્મબંધ થતાં તેનું ભોક્તૃત્વ પણ તે આત્માને યથા-તથ્ય જન્મ-મરણાદિ સ્વરૂપે ભોગવવું પડતું હોય છે. અજીવ દ્રવ્યમાં તો કર્તૃત્વ સ્વભાવ છે જ નહિ. જોકે પુદ્‌ગલ દ્રવ્યોમાં સ્વતઃ પરતઃ તેમ જ ઉભયતઃ પરિણામીપણું હોવાથી જ પ્રત્યેક આત્માનું સકષાયિક યા અકષાયિક વિભાવ પરિણમન થાય છે તે આત્માનું વર્તમાન સ્વરૂપ જ નથી એમ પણ એકાંતે ન કહેવું. કેમ કે જો તેને આત્માનું આ પરિણમન જ નથી એમ એકાંતે માનવામાં આવે તો પછી સંસારી જીવને ધર્મોપદેશ વડે કરાતી મોક્ષ-પુરુષાર્થની કોઈ આવશ્યકતા જ રહેશે નહિ જે સૂત્ર-અર્થથી વિરુદ્ધ છે.

**દ્રવ્ય-ગુણ-પર્યાયનોજી છે અભેદ સંબંધ;**
**ભિન્ન તેહ જો કલ્પીએજી તો થાય અનવસ્થા બંધ....**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ....(૧૯)**

ઉપર જણાવી ગયા તે મુજબ જગતના પ્રત્યેક જીવદ્રવ્યને તેમ જ પુદ્‌ગલ દ્રવ્યને પોતપોતાના સમવાય સંબંધે સ્વાભાવિક ગુણોથી તેમ જ પરપુદ્‌ગલ સંયોગે વિભાવિક ગુણ-પર્યાય (પરિણમન) એમ બંને સ્વરૂપથી કથંચિત ભિન્નાભિન્ન માનવાથી આ વિશ્વની ધર્મ-અધર્મના સ્વરૂપની વ્યવસ્થા

તેમ જ તેના કાર્યરૂપે ચિત્ર-વિચિત્ર ફળ-સંબંધી સ્વરૂપમાં અવિસંવાદિત પ્રાપ્ત થઈ શકશે અન્યથા કોણ કોનું કારણ-કાર્ય સ્વરૂપ છે તે કહી શકાશે નહિ અને તો પ્રત્યક્ષ સુખ-દુખના હેતુભૂત જગતના સમસ્ત વ્યવહારને જૂઠો માનવો પડશે. તો તો ખરેખર પોતાના જ જન્મ-જરા-મરણના સ્વાનુભવને પણ જૂઠો (મિથ્યા) કહેવા વડે 'માતા-વંધ્યાના ન્યાયે' મૂર્ખતા જ ઠરશે.

**સુવર્ણ કુંડલાદિક હુએજી. ઘટ રકતાદિક ભાવ;**
**એ વ્યવહાર ન સંભવેજી, હોય ન જો અભેદ સ્વભાવ...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ....(૨૦)**

સુવર્ણ દ્રવ્યના પ્રથમના હારના સ્વરૂપને ભાંગીને તેના કુંડળ આદિ અનેક સ્વરૂપો (પર્યાયો)માં પણ આ તે જ સુવર્ણ છે એમ પ્રત્યક્ષથી પણ અવિરોધપણું ભાસે છે. તેવી રીતે પ્રથમ કાચો ઘટ જે શ્યામવર્ણનો હતો તેને પકવવામાં આવે ત્યારે રક્તવર્ણવાળો દેખાય છે તેમાં પણ આ તે જ ઘટ છે એવી પ્રતીતિ થાય છે. આ રીતે સર્વત્ર ગુણ-પર્યાયની અભેદતાને કારણે આ તેહી જ દ્રવ્ય છે એવો વ્યવહાર થાય છે. આથી જ વળી જીવંત શરીરમાં આત્માનો અને મૃતક શરીરમાં જીવિતવ્યના અભાવનો વ્યવહાર કરાય છે, જે સર્વત્ર નિર્વિવાદપણે પ્રમાણરૂપ છે. તેમ જ વળી કેવળ ચાક્ષુષ પ્રત્યક્ષમાં પણ જ્યારે-જ્યારે જેવા-જેવા ગુણ-પર્યાયની જ્યાં-જ્યાં આવશ્યકતા ઊભી થાય છે ત્યાં ત્યાં તેવા કાર્યોનો આશરો લેવામાં આવે છે. ભિન્ન ભિન્ન રોગમાં ભિન્ન ભિન્ન દવા અનુરૂપ ભિન્ન ભિન્ન દ્રવ્યોનો યોગ કરાય છે. તે મુજબ સ્વ-સ્વ દ્રવ્ય-ગુણ પર્યાયના તે તે દ્રવ્ય સંબંધે કથંચિત્ અભેદ માનવો તે ન્યાય યુક્ત છે. અન્યથા યથાતથા વ્યવહાર જ નહિ ઘટે.

**ખંધ-દેશ-ભેદે હુએજી, બમણી ગુરુતા રે ખંધ;**
**પ્રદેશ ગુરુતા પરિણમેજી, ખંધ અભેદ સંબંધ.**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ....(૨૧)**

કોઈ પણ દ્રવ્યના સ્કંધ (ખંધ-પરિપૂર્ણ અખંડ ભાગ), દેશ (ખંધનો કોઈ એક અંશરૂપ ભાગ) અને પ્રદેશ (ખંધમાં રહેલો સૌથી સૂક્ષ્મ અવિભાજ્ય ભાગ) એમ ત્રણે વિભાગો ઉપચારથી વિચારાય છે પરંતુ ખંધમાં તો દેશ-પ્રદેશ અભિન્નપણે જ રહેલા હોય છે. જો દેશ-પ્રદેશને ખંધથી (સ્કંધ)

એકાંતે ભિન્ન માનવામાં આવે તો ખંધમાં જે ગુરુતા-ભારેપણું છે. તેની સાથે દેશની ગુરુતા અને પ્રદેશની ગુરુતા ઉમેરવામાં આવે તો ખંધને અનેકગુણી ગુરુતા પ્રાપ્ત થવી જોઈએ. પરંતુ તેમ તો બનતું નથી. કારણ કે ખંધની ગુરુતામાં દેશ-પ્રદેશની ગુરુતા અભેદપણે સમાયેલી હોવાથી ખંધને એક જ ગુરુતા પ્રાપ્ત થાય છે. વળી અનેકવિધ પર્યાયરૂપ સંયોગથી દ્રવ્યને પણ એક સ્વરૂપે-અભેદરૂપે વ્યવહાર કરાય છે.

**ભિન્ન દ્રવ્ય પર્યાયનેજી, ભવનાદિકને રે એક;**
**ભાખે તો કેમ દાખે નહિજી, એક દ્રવ્યમાં વિવેક-**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૨)**

જગતમાં ભવન (મકાન)માં લાકડું-લોખંડ-માટી-ચૂનો આદિ અનેક દ્રવ્યોનો યોગ (સંબંધ) કરાયેલો પ્રત્યક્ષ જોવામાં આવે છે; તેમ છતાં તેનો મકાન-ઘર-ભવનાદિ એક જ સ્વરૂપે વ્યવહાર કરાય છે, જે સૌને માન્ય હોય છે, તો પછી એક જ દ્રવ્યમાં રહેલા ભિન્ન-ભિન્ન ગુણોને અને ભિન્ન-ભિન્ન પર્યાયોને તે દ્રવ્યથી કથંચિત અભિન્ન માનવામાં કોઈ વિરોધ આવવો જોઈએ નહિ. પરંતુ જો તેમાં એકાંતે ભેદ બુદ્ધિ જ પ્રવર્તતી હોય તો તેને અભિનિવેષ મિથ્યાત્વ જાણવું. કેમ કે વ્યવહારમાં વિવિધ સંયોગી ઉપચરિત દ્રવ્યને પણ પોતપોતાના ગુણ-પર્યાય પરિણમનનું કથંચિત્ અભેદપણું સ્વીકારવું પડે છે.

**ગુણ-પર્યાય અભેદથીજી, દ્રવ્ય નિયત વ્યવહાર;**
**પરિણતિ જે છે એકતાજી, તેણે તો તે એક પ્રકાર.**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૩)**

પ્રત્યેક દ્રવ્યમાં રહેલા પોતપોતાના ભિન્ન-ભિન્ન ગુણ-પર્યાય (પરિણમન સ્વરૂપ)ના અભેદપણાથી તો જગતમાં જ્યાં જ્યાં જે જે ભાવની આવશ્યકતા જણાય છે ત્યાં ત્યાં તે તે પ્રકારના દ્રવ્યોનો ઉપયોગ કરાય છે. જેમ મરચું-મીઠું તેમાંની તિખાશ અને ખારાશ માટે તે તે દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. આથી સ્પષ્ટ અનુભવાય છે કે દ્રવ્યમાં ગુણો અભેદ ભાવે રહેલા છે.

**જો અભેદ નહિ એહનોજી, તો કારજ કિમ હોય;**
**અછતી વસ્તુ ન નીપજેજી, શશ વિષાણ પરે જોય.**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૪)**

જો દ્રવ્યથી ગુણ-પર્યાયનો કથંચિત્ અભેદ સંબંધ નહિ માનશો તો

કોઈ પણ કાર્ય કરવા માટે તેને યોગ્ય જરૂરી દ્રવ્યોનો સંયોગ કરવાનું આવશ્યક રહેશે નહિ અને તો તો ઇચ્છિત કાર્ય પણ કરી શકાશે નહિ. કાર્યની સિદ્ધિ માટે જરૂરી કારણ દ્રવ્યોનો સુમેળ સાધવાથી જ કાર્ય સિદ્ધિ થાય છે એમ અનેક બુદ્ધિજીવી સાધકોએ જણાવેલ છે. તેનો અપલાપ (તિરસ્કાર) કરવાથી ક્યારેય કોઈ પણ ઇષ્ટ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત કરી શકાશે નહિ. દૃષ્ટાંત રૂપે જેમ સસલાને ક્યારેય શીંગડાં ઊગતાં નથી તેમ કારણતા રહિત (cause) દ્રવ્યોમાં કાર્ય ઉત્પન્ન થતું નથી (Effect), જેમ રેતીમાંથી ક્યારેય તેલ ઉત્પન્ન કરી શકાતું નથી.

**દ્રવ્યરૂપ છતી કાર્યનીજી, તિરોભાવની શક્તિ;**
**આવીર્ભાવે નીપજેજી, ગુણ-પર્યાયની વ્યક્તિ.**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૫)**

દ્રવ્યમાં તેના ગુણ-પર્યાયની કેટલીક શક્તિ 'તીરોભાવે' (અપ્રગટપણે) રહેલી હોય છે પરંતુ જો આપણને તે તીરોભાવે રહેલી જે કોઈ ગુણ-પર્યાયની શક્તિનું વહેલું પ્રયોજન હોય તો તે દ્રવ્યને યથાયોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો યોગ (સંબંધ) કરવાથી તે તીરોભાવી ગુણ-પર્યાયને **'આવીર્ભાવે'** પ્રાપ્ત કરી શકાય છે. દૃષ્ટાંત તરીકે કાચી-ખાટી કેરીને ઘાસના સંયોગથી પકવીને તેની મીઠાશને વહેલી પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે તીરોભાવી અને આવીર્ભાવી શક્તિનો દ્રવ્યમાં કથંચિત્ સત્-અસત્ પણ સ્વીકાર કરવાથી કોઈ વિશેષ દોષ જણાતો નથી. (અનેકાંત દૃષ્ટિ) અન્યથા એકાંત સત્ કે અસત્ વિચાર મૃષા છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે

**मग्गण गुणठाणेहिं चउदसह इवंति असुध्धणया ।**
**विन्नेया संसारी सत्त्वे, सुद्धाउ सुद्धणया ॥**

સંસારી જીવનું સમસ્ત ચૌદ માર્ગણા તેમ જ ગુણસ્થાનક સ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ તો અશુદ્ધ સ્વરૂપ છે. તેમ છતાં પૂર્વોત્તર ગુણસ્થાનક ભેદે સાપેક્ષભાવે (સાધ્ય-સાધનના વ્યવહારથી) વિચારવાથી કથંચિત્ શુદ્ધાશુદ્ધ સ્વરૂપે સમજવું જરૂરી છે અન્યથા **"ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્"** એ સૂત્રાર્થનો અપલાપ થશે અને જેથી સંસાર સ્વરૂપની વૈવિધ્યતા-વિચિત્રતાનો તેમ જ મોક્ષપુરુષાર્થ વડે સાધ્ય-સિદ્ધ સ્વરૂપનો કોઈ સમ્યક્ નિશ્ચય થઈ શકશે નહિ.

**નૈયાયિક ભાખે ઈસ્યુંજી, જેમ અજતાનું રે જ્ઞાન;**
**હોવે વિષય અતીતનું જી, તેમ કારજ સહિ હો નાણ.**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૬)**

જેઓ દ્રવ્યમાં રહેલી તીરોભાવી અને આવીર્ભાવી શક્તિનો કુતર્કે અપલાપ કરવા તેમાં દ્રવ્યભેદની કલ્પના કરવા પ્રયત્નો કરે છે તેવા નૈયાઈકોને સમજાવવા પ. પૂ. શ્રી યશોવિજય ઉપાધ્યાયજી જણાવે છે કે જેમ ભૂતકાળમાં બની ગયેલી વસ્તુ (ભાવ)નું વર્તમાન તથા સ્વરૂપે હયાત નહિ હોવા છતાં તેનું જ્ઞાન થાય છે તેમ અછતી ભાસતી વસ્તુનું પણ વર્તમાનમાં જ્ઞાન થાય છે. જોકે તે વસ્તુ તે કાળે તે વસ્તુ તો નથી જ, તેથી જગતમાં જે જે કાંઈ પણ ઉત્પન્ન થાય છે અને થતું દેખાય છે. તે **'અછતી'** વસ્તુઓ જ હોય છે તેમ માનવું **'મિથ્યાભ્રાંત'** છે.

**તે મિથ્યા નહિ સર્વથાજી, અછતો વિષય અતીત;**
**પર્યાય અરથ તે નહિજી, દ્રવ્ય અરથ છે નિત્ય...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૭)**

જોકે કોઈ પણ ત્રિકાલિક નિત્ય દ્રવ્યના અનેક વિધ-વિવિધ ભૂત-ભાવી પર્યાયો વર્તમાન ક્ષણે હોતા નથી, પરંતુ દ્રવ્યના યથાતથ્ય નિત્યત્વમાં તો ત્રણે કાળનું સ્વરૂપ તે તે કાળ સંબંધે નિયત સ્વરૂપે રહેલું જ હોય છે એમ જાણવું. દા.ત. કોમ્પ્યુટર ડિસ્કમાં અનેકાઅનેક માહિતીઓ ધરબાયેલી પડી છે છતાં સ્ક્રીન ઉપર વર્તમાનમાં પ્રગટપણે તેનો ખૂબ નાનો અંશ જ જોઈ શકાય છે. શ્રી સર્વજ્ઞ ભગવંતો ત્રણે કાળ સંબંધી જીવ-અજીવ રૂપ છ એ દ્રવ્યોની કોઈ પણ કાળની કોઈ પણ શુદ્ધાશુદ્ધિ વર્તના (પર્યાય)ને યથાર્થ સ્વરૂપ કહેવા સમર્થ હોય છે અને કહે પણ છે. આથી એ સમજવું આવશ્યક છે કે ત્રિકાલિક નિત્ય દ્રવ્ય તેના ગુણ-પર્યાય યુક્ત જ હોય છે. દ્રવ્યની ત્રિકાલિક નિત્યતાનો અપલાપ કરવાથી ભૂત-ભાવી સંબંધી સર્વ વ્યવહારનો ઉચ્છેદ થશે. જ્યારે હકીકતે તેનો પ્રત્યેક આત્માને પોતાના ભૂત-ભાવી-વર્તમાન કાળ સંબંધી સંકલીતતાનો પ્રત્યક્ષ અનુભવ હોય છે જ.

**અછતો ભાસે ગ્યાનમાંજી, જો સ્વભાવે સંસાર;**
**કહેતો જ્ઞાનાકાશ્-તો જી, જીવે હોય યોગાચાર...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૮)**

જો કુતાર્કિક વ્યક્તિઓના કહેવા મુજબ અછતી વસ્તુ જ્ઞાનમાં ભાસે છે એમ પ્રરૂપણા કરશો તો સંસારને એકાંતે સર્વથા અસત્-માયા-મિથ્યા-ભ્રમ સ્વરૂપી માનનારાઓમાં જ તમારી ગણતરી કરવી પડશે. વળી જો અછતી વસ્તુ પણ જ્ઞાનમાં જણાતી હોય તો અછતાં એવા આકાશ-પુષ્પો સ્ક્રીનમાં પણ દેખાવા જોઈએ. પરંતુ હકીકતમાં તેવું ક્યારેય કોઈને દેખાતું નથી. માટે સર્વથા અછતી વસ્તુ પણ જ્ઞાનમાં જણાય છે એવો કલ્પિત કદાગ્રહ છોડવો.

**હમણાં જાણ્યો અર્થ તે જી, ઈમ અતીત જે જણાય;**
**વર્તમાન પર્યાયથીજી, વર્તમાનતા માત્ર થાય...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૨૯)**

હવે ભૂત-ભાવી પર્યાયના સત્ સ્વરૂપને દૃષ્ટાંતથી સમજાવે છે. જેમ વિવિધ પ્રકારના ઘડા બનાવનાર કુંભાર પોતાના હૃદયમાં પોતાને જેવા પ્રકારનો ઘટ બનાવવો હોય છે તેનો સંકલ્પ કરીને યોગ્ય પ્રવૃત્તિ કરે છે. ભૂતકાળ સંબંધી કે ભાવી સંબંધી ઘટ વર્તમાનમાં પ્રત્યક્ષ નહિ હોવા છતાં વર્તમાનમાં કાર્ય-સંકલ્પે ઘટ સંબંધી જે જ્ઞાન હોય છે તે વડે ભાવિ ઘટ-સ્વરૂપને વર્તમાનપણું પ્રાપ્ત થતું હોય છે અને તેથી જ કુંભકાર તેના સંકલ્પ કર્યા મુજબના ઘટને ઉત્પન્ન કરે છે. અન્યથા કાર્ય-કારણ ભાવનો ઉચ્છેદ થતાં સર્વ પ્રકારના પુરુષાર્થનો ઉચ્છેદ થશે. તેમ જ કારણરહિત કાર્યની ઉત્પત્તિ માનવાથી સર્વત્ર અવ્યવસ્થા પ્રાપ્ત થશે. જ્યારે ઉત્તમ પુરુષો તો **'કાર્ય-કારણ'** ભાવને અવલંબીને ઈષ્ટ ફળ સિદ્ધિ પ્રાપ્ત કરતા પ્રત્યક્ષ જણાય છે.

**ધર્મી અછતે ધર્મ જો જી, અછતે કાળ સુહાય;**
**સર્વકાળ નિર્ભયપણે જી, તો શશશૃંગ જણાય...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૩૦)**

પૂર્વે જણાવી ગયા છીએ કે ગુણ-પર્યાય દ્રવ્યને આશ્રિત હોય છે કેમ કે દ્રવ્ય તે આધાર છે અને ગુણ-પર્યાય આધેય છે. હવે જ્યાં ધર્મી એટલે દ્રવ્યત્વ જ ત્રિકાળિક સત્તારૂપ નથી ત્યાં તેના ગુણ-પર્યાયનું અસ્તિત્વ માનવું તે તો નરી મૂર્ખતા જ છે. હા ! ગમે તેવી અસત્ કલ્પનાઓ કરો કિન્તુ તેનો યથાતથ્ય વહેવાર ક્યારેય હોઈ શકતો નથી કેમ કે મૂળમાં

વસ્તુ જ અછત છે. કોઈ કદાગ્રહી-કુતાર્કિકે ક્યારેય સ્વપ્નમાં પણ સસલાનાં શીંગડાં જોયાં છે ? કોઈ પણ સમજુ વ્યક્તિ કલ્પિત વાતમાં શ્રદ્ધા કરી પોતે મૂર્ખ બનવા ઈચ્છતા હોતા નથી.

**તે માટે અછતા તણોજી, બોધ ન જન મન હોય;**
**કારય-કારણને સહીજી, છે અભેદ એમ જોય...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૩૧)**

આમ જે વસ્તુ સર્વથા અસત્ હોય અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક નથી તે વસ્તુ ભૂતકાળમાં ક્યારેય દ્રવ્ય-ગુણ યા પર્યાય સ્વરૂપે હોતી નથી. તેથી વર્તમાનમાં પણ કોઈ સ્વરૂપે હોય નહીં, તેમ જ ભવિષ્યમાં પણ કોઈ સ્વરૂપે હશે નહિ. ઊલટું જે વસ્તુ **'સત્'** છે તે પ્રત્યેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપે નિરંતર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભાવમાં પરિણામ પામતી હોય છે, અને તેથી તેને વ્યવહારથી કાર્યકારણપણાનો સંબંધ હોય છે. જ્યારે નિશ્ચયથી તો વસ્તુ (છ એ દ્રવ્યો) ત્રિકાળ સત્ હોય છે એટલે કે અનાદિ-અનંત-શાશ્વત નિત્ય છે, તેમ જ સ્વપરિણામી હોય છે. આ માટે પ્રત્યેક સત્-દ્રવ્યને તેના ત્રિકાલિક ગુણ-પર્યાયથી કથંચિત્ અસ્તિ-નાસ્તિભાવે તેમ જ કથંચિત્ ભિન્નાભિન્નપણું હોય છે એમ જાણવું. આ સંબંધે એ સમજવું ખાસ જરૂર છે કે પ્રત્યેક સ્વદ્રવ્યને પોત-પોતાના ગુણપર્યાયથી જે કથંચિત્ ભિન્નપણું જણાવ્યું છે તે વ્યવહારથી જાણવું. જ્યારે નિશ્ચયિક સ્વરૂપે તો તેને અભેદપણું છે. ઉપર મુજબની દ્રવ્યાર્થિક નયદૃષ્ટિએ સંસારી જીવમાં કર્મસંયોગે જે જે પુદ્ગલદ્રવ્યોનું અભેદપણું ભાસે છે તે વ્યવહારનયથી જાણવું. કેમ કે નિશ્ચયિક (તત્ત્વતઃ) સ્વરૂપે તો આત્મદ્રવ્યને કર્મ-સંયોગનું ભિન્નપણું જ હોવાથી બન્ને દ્રવ્યો પોત-પોતાના ગુણ-પર્યાયમાં જ પરિણામ પામતા હોય છે. જીવને આત્મતત્ત્વની શુદ્ધતા-અશુદ્ધતાનું યથાર્થ જ્ઞાન-ભાન થશે ત્યારે આત્માર્થ સાધવા માટેના સમ્યક મોક્ષ માર્ગની પ્રાપ્તિ થશે. ઉપર જણાવેલ નયદૃષ્ટિએ સ્વગુણ-પર્યાયની તેમ જ પર દ્રવ્ય સંયોગે પરગુણ પર્યાયની તેમ જ ઉભય દ્રવ્ય-ગુણ-પર્યાયની ભિન્નાભિન્નતા વિચારવાથી આત્માને સમ્યક દૃષ્ટિ પ્રાપ્ત થશે.

**ભેદ ભણે નૈયાયિકોજી, સાંખ્ય અભેદ પ્રકાશ;**
**જૈન ઉભય વિસ્તારતાંજી, પામે સુજશ વિલાસ...**
**ભવિકા ધારો ગુરુ ઉપદેશ...(૩૨)**

કેટલાક કદાગ્રહિ તાર્કિકો જગતમાં પ્રત્યેક દ્રવ્યને તેમ જ તે દ્રવ્યના ગુણ-પર્યાય પરિણમનને સર્વથા એકાંતે એકબીજાથી ભિન્ન માને છે જ્યારે કેટલાક ભિન્ન ભિન્ન દ્રવ્યોને તેમ જ દ્રવ્યના સ્વાભાવિક તેમ જ વૈભાવિક (ઔદયિક ભાવે પ્રાપ્ત) પરિણમનને સર્વથા એક-અભિન્ન જ છે એમ જણાવે છે. આ રીતે બન્ને એકાંત પક્ષપાતીઓ એકબીજા પ્રત્યે મત્સર (દ્વેષ) ભાવવાળા હોય છે. જ્યારે જૈનદર્શન પ્રત્યેક દ્રવ્યને એકબીજાથી કથંચિત ભિન્નાભિન્ન (પોતાના ગુણ-પર્યાયથી) અને નિત્યાનિત્ય સ્વરૂપે અવધારતાં સર્વત્ર યથાતથ્ય ભાવે વર્તતો હોઈ સમતા-સમાધિ પામવાવાળો થાય છે અર્થાત્ પરમપદને પામે છે. વળી પ. પૂ. શ્રી દેવચંદજી મહારાજ પણ જણાવે છે કે

**"જે જે કારણ જેહનું રે, સામગ્રી-સંયોગ;**
**મીલતાં કારજ નિપજે રે, કર્તાતણો-પ્રયોગ...**

પ. પૂ. આનંદઘનજી મહારાજ પણ કાર્ય-કારણ ભાવ સંબંધે સ્પષ્ટ જણાવે છે કે

**"કારણ જોગે કારજ નીપજે જી, એમાં કોઈ ન વિવાદ;**
**પણ કારણ વિણ કારજ સીધીએ જી, એ નિજમત ઉન્માદ.**

જગતમાંના **પ્રત્યેક દ્રવ્યને-ગુણને-પર્યાયને** કથંચિત્ નિત્યાનિત્યપણું; કથંચિત્ ભિન્નાભિન્નપણું; કથંચિત્ **અસ્તિ-નાસ્તિપણું**; કથંચિત્ **એકાનેકતા**; કથંચિત્ **મુક્તામુક્ત**; કથંચિત્ **ગ્રાહ્યાગ્રાહ્ય**; કથંચિત્ **ચેતનાચેતન**; કથંચિત્ વ્યાપકાવ્યાપક; કથંચિત્ વ્યક્તાવ્યક્ત એમ અનેકવિધ ત્રિભાવ સ્વરૂપતા રહેલી છે. તેને નયપ્રમાણથી યથાર્થ અવિરોધી ભાવે જાણીને મુમુક્ષુ આત્માએ આત્માર્થ (પરમાત્વભાવ)ને સાધવા સમભાવ વડે સમ્યક પુરુષાર્થ કરવાથી પરમાત્મભાવની પ્રાપ્તિ થાય છે. આ સંબંધે સામાન્યભાવથી પણ જણાવે છે કે

**"જ્યાં જ્યાં જે જે (કાર્ય-કારણભાવે) યોગ્ય છે, તિહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે (ત્રિકરણયોગે), આત્માર્થી જન એહ."**

**શ્રી જિનેશ્વર સ્વરૂપી વૈદ્યોએ ફરમાવેલ વિધિ મુજબ જે ભવ્યાત્માઓ આત્મભાન સાથે ઉભયકાલ ઔષધની માફક ષડ્-આવશ્યકની કરણી કરવામાં અપ્રતભાવે ઉદ્યમશીલ રહે છે અને જે 'હેય' ફરમાવેલ છે તેનો પરેજ**

રૂપે ત્યાગ કરે છે તેઓ કર્મ-રોગથી મુક્ત થઈ મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

જગતના સમસ્ત દ્રવ્યોને ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ એ ત્રણ ભાવમાં નિરંતર પરિણામીત્વપણું અવશ્ય હોય જ છે. આ ત્રિવિધ પરિણામીત્વપણાનો સ્વીકાર કરવાથી જગતમાંના સમસ્ત વ્યવહારના પ્રમાણિક બોધ સહિત, પ્રત્યેક દ્રવ્યના તથાતથ્ય નિશ્ચય સ્વરૂપ અને વ્યવહાર સ્વરૂપ એ બન્ને સ્વરૂપનો યથાર્થ-અવિરુદ્ધ પ્રમાણ બોધ થઈ શકે છે... આવા અનેકાન્ત પ્રમાણ બોધથી જ આત્મા પોતાના સાચા ત્રિકાળ શુદ્ધ અખંડ જ્ઞાયકસ્વભાવને ઓળખી, રાગ-દ્વેષરહિત બની, સમતા-સમાધિભાવ પ્રાપ્ત કરી, નિર્વિકલ્પ જ્ઞાતા-દ્રષ્ટા બની મોક્ષના શાશ્વત સુખને પામે છે.

**"મન-વચન-કાયાને કર્મની વર્ગણા,**
**છૂટે જહાં સકલ પુદ્ગલ સંબંધ જો;**
**એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,**
**મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો."**

# પર્યાય મૂઢતા – પર્યાયમાં એકત્વ બુદ્ધિ

અનાદિથી પર્યાયનું વેદન હોવાથી જીવ પર્યાયપણે પોતાને અવધારીને, પર્યાયબુદ્ધિ થયો થકો, પર્યાયમાત્રમાં મૂર્ચ્છિત બનીને **'પર્યાયમૂઢ'** થયેલ છે, તેથી તેને પોતાના શાશ્વત શુદ્ધ સ્વરૂપની અરુચિ વર્તે છે. પર્યાયની રુચિને કારણે રાગ અને પરપ્રેમ સહજ થાય છે, જે સર્વ પ્રકારના દોષ અને દોષોની પરંપરા સર્જવાનું મૂળ કારણ છે.

– પર્યાયનો અર્થ છે– "**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः**" અર્થાત્ જે બધી બાજુથી ભેદને પામે તે પર્યાય કહેવાય છે. પર્યાયના બે પ્રકાર છે– એક સ્વભાવાનુસારી શુદ્ધ પર્યાય અને બીજી વિભાવરૂપ અશુદ્ધ પર્યાય. કર્મની ઉપાધિરહિત સ્વભાવપર્યાય ત્રિકાલ છ એ દ્રવ્યમાં થતી હોય છે તેને **'અર્થપર્યાયરૂપ'** કહેવાય છે. મન-વચનથી અગોચર, અતિસૂક્ષ્મ, છ પ્રકારની વૃદ્ધિ-હાનિ સહિત આગમ-પ્રમાણથી સ્વીકારવા યોગ્ય છે. નર, નારક, દેવ અને તિર્યંચરૂપ **'વ્યંજન પર્યાય'** તો જીવની અશુદ્ધ પર્યાયો છે. યદ્યપિ મતિજ્ઞાનાદિ અર્થપર્યાય પણ નિશ્ચયથી જીવની અશુદ્ધ વિભાવપર્યાયો છે પરન્તુ અહીં એ અર્થપર્યાયોને 'અશુદ્ધ પર્યાયો'ન કહેતાં **'અશુદ્ધ ગુણ'**

અથવા **'વિભાવ ગુણ'** કહ્યો. અશુદ્ધ પર્યાયોમાં તો વ્યંજન પર્યાયોને જ ગ્રહણ કર્યા એવી આગમ-અધ્યાત્મની શૈલી છે.

દેખો, કર્મની ઉપાધિ સહિત સંસારીજીવોની પર્યાયોમાં પંચેન્દ્રિયપણું, રાગ-દ્વેષ બંધભાવ, પુણ્ય-પાપાદિ વિકાર, મતિજ્ઞાનાદિ અપૂર્ણદશા, અને મનુષ્યાદિ અશુદ્ધ આકૃતિ (વિભાવ વ્યંજન પર્યાય) એ પાંચે પરભાવ છે અને એમની સાથે પ્રત્યક્ષ પરમ શુદ્ધસ્વભાવી **'કારણપરમાત્મા'** પણ બિરાજમાન છે. અતઃ પર્યાયમાં પરભાવ હોવા છતાં ઉત્તમ પુરુષોના હૃદયકમલમાં એમની ભાવના હોતી નથી. એમની દૃષ્ટિ તો **'કારણસ્વભાવ'** ઉપર કેન્દ્રિત હોય છે અને એની નિર્મલપર્યાય અંતરમુખ થઈ કારણસ્વભાવમાં પ્રવિષ્ટ થઈ ગઈ હોય છે. અજ્ઞાનીને પણ **'કારણ શુદ્ધ આત્મા'** (કારણ પરમાત્મા) છે તો અવશ્ય, પરંતુ તેને તેનું લક્ષ્ય કે ભાન હોતું નથી.

(૧) **અશુભમાં રસ પડવો :** પર પુદ્ગલ પાંચે ઇન્દ્રિયોના વિષયભૂત પર્યાયોમાં (પરિણામોમાં) ઇષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિપૂર્વક તીવ્ર રસ ઉત્પન્ન થતાં તે તે ભાવોમાં તન્મયતા થવાથી દૃષ્ટિ મિથ્યા બને છે. પર્યાયબુદ્ધિનું આ લક્ષણ છે. તેથી નિશ્ચયાભાસી જીવો નિશ્ચયપ્રધાનતાની ગમે તેવી વાત કરે છતાં તેને પણ અશુભ વિષયમાં રસ પડતો હોય તો દૃષ્ટિ સમ્યક ક્યાંથી બને ? અશુભ ભાવમાં તો ખરેખર તીવ્ર દુઃખ છે તે પણ તેને ભાસતું નથી. ત્યારે જ્ઞાન કષાયયુક્ત હોવાથી મલિનતા અને સ્થૂળતા વધી જાય.

(૨) **શુભભાવમાં અસંતોષ ન થવો :** શુભભાવમાં મંદ કષાયના પરિણામ (સદ્ભાવ) હોય છે. હવે જ્યાં કષાય હોય છે ત્યાં આકુળતા અવશ્ય થાય છે. શરીરની શાતા અને મનની કલ્પિત શાંતિમાં સુખનો આભાસ થાય છે. ફક્ત શુભભાવમાં જ સદ્ધર્મ કે તેનું યથાર્થ સાધન માનવું તે સમ્યક દૃષ્ટિપણું નથી. તે જીવ તો અકષાય ધર્મ (વિતરાગ ભાવ)ને ધારણાપૂર્વક પણ જાણતો નથી. જીવને તો પર્યાયના અનેકાનેકત્વપણાને લીધે વિકલ્પમાં બોજો ભાસતો નથી. અને મલિનતા પણ જણાતી નથી... ખરેખર તો નિરૂપાધિક શુદ્ધ સ્વભાવ દૃષ્ટિમાં તો વિકલ્પ માત્ર બોજારૂપ હોય છે.

(૩) **પર્યાયની પ્રાધાન્યતા :** ફક્ત આગમનો અભ્યાસ કરનાર જીવને

પ્રાયઃ એવો અભિપ્રાય બંધાઈ જાય છે કે પ્રથમ તો શુભભાવ-શુભવિકલ્પ હોય છે ને ! આમ ત્રિકાળી સ્વભાવની પ્રાધાન્યતાને બદલે પર્યાય ઉપર વજન રહ્યા કરે છે. તેથી પર્યાયબુદ્ધિ મટતી નથી પરંતુ વૃદ્ધિગત થાય છે. પર્યાયના ક્રમનું જ્ઞાન કરવું તે જુદો પ્રકાર છે, જ્યારે મારે અમુક પર્યાય કરવી જોઈએ – તે બુદ્ધિનો વિપર્યાસ છે.

(૪) **પર્યાયમાં જ સંતુષ્ટપણું :** દ્રવ્યલિંગીને ચારિત્ર અને જ્ઞાનનો ક્ષયોપશમ થતાં સંતોષ અનુભવાય છે પણ સ્વરૂપ પ્રાપ્તિનો અભાવ વર્તતો હોવા છતાં અજંપો ઉત્પન્ન થતો નથી. કારણ કે જીવને ખરેખર એક જ શાશ્વત આત્મસુખની પૂર્ણ રુચિ નથી. આવા પ્રકારનો સંતોષ પર્યાયમાં એકત્વ બુદ્ધિને દૃઢ કરે છે. એ જ રીતે કોઈ જીવને સ્વાધ્યાય નિમિત્તે જ્ઞાનનો ક્ષયોપશમ વધે ત્યારે ધારણાજ્ઞાનમાં રસ આવવાના લીધે અથવા ન્યાયાદિ સમજાયાને લીધે થતી પ્રસન્નતામાં અથવા પૂર્વની અજ્ઞાનથી થતી આકુળતા (શંકાનું કાંઈક સમાધાન થવાથી) મંદ થવાને કારણે–આ જ જ્ઞાનનું ફળ છે એમ માનીને ત્યાં જ અટકવું થાય છે અને પરિણામે સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ મંદ પડે છે. આથી ભ્રમથી ઉત્પન્ન થતી પર્યાય દૃઢ થાય છે જે પર્યાયના એકત્વને વધારે છે.

(૫) **પર્યાયનું અવલંબન :** એક માત્ર ત્રિકાળી પરમસ્વભાવનું જ અવલંબન લેવા યોગ્ય છે અને તે સિવાય કોઈનું પણ–દેહનું, સંયોગનું, સ્નેહીઓના સંગનું, રાગનું કે એક સમયની પર્યાયનું અવલંબન મુક્તિમાર્ગમાં યથાર્થ નથી. 'હું સમજું છું' આદિ માત્ર જાણકારીમાં જ રસ પ્રવર્તવાથી કાંઈ પર્યાયનું એકત્વ છૂટતું નથી.

(૬) **પર્યાયનો આશ્રય/આધાર :** યદ્યપિ કાર્યમાત્ર વસ્તુના પર્યાય અંગમાં થાય છે. તેથી દોષનો અભાવ થવો અને ગુણ પ્રગટીકરણનું પ્રયોજનભૂત કાર્ય પર્યાયમાં થાય અને પ્રયોજનના કારણથી પણ વજન પર્યાય ઉપર રહે છે એટલે અનાદિ પર્યાયના એકત્વની સ્થિતિ વધુ દૃઢ થઈ જાય છે. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપનો આશ્રય થતાં જ સાચું કાર્ય સધાય છે તે ભૂલી જતાં પર્યાયના આધારે પર્યાયનું કાર્ય સાધવાનો પર્યાય-આશ્રિત કૃત્રિમ પુરુષાર્થનો વિકલ્પ થાય છે.

(૭) **પર્યાયનો રસ :** વેદન પર્યાયમાં હોવાથી, જીવને પર્યાયમાં

રસ સહજ ઉત્પન્ન થાય છે. તત્ત્વજ્ઞ જીવને ભલે સંસારના વિષયમાં રસ કદાચ ન પણ હોય છતાં અનેકવિધ પર્યાયના પડખાઓ જાણવાનો રસ થઈ જાય છે અને તેથી સ્વભાવપ્રાપ્તિની દિશામાં પુરુષાર્થ મંદ થાય છે. ત્યાં પર્યાયના રસમાં ખેંચાઈને અટકી જવાય છે. અર્થાત્ અનાદિનું એકત્વ છૂટતું નથી.

(૮) **પર્યાયનું લક્ષ :** પર્યાયમાં વિવેક રાખવો; સ્વાનુભાવ હજુ થયો નથી; નિર્વિકલ્પ થવાતું નથી વગેરે પ્રકારે લક્ષ પર્યાય ઉપર જ રહેવાથી ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનું લક્ષ રહેતું નથી. (ભાવભાસન વડે સ્વભાવનું લક્ષ). પર્યાયના લક્ષથી તો તેનું એકત્વપણું વધે છે.

(૯) **પર્યાયમાં સાવધાની :** નિજ પરમતત્ત્વના લક્ષમાં અભાવમાં જીવને પર્યાયની સાવધાની રહ્યા કરે છે. અમુક પ્રકારના વ્યવહાર ભાવો તો થવા જ જોઈએ ! આમ પર્યાયને અંતરમુખ કરવાની ઈચ્છાથી પણ પર્યાય પરંત્વે રાગમમતા રહ્યા કરે છે. પર્યાય બુદ્ધિથી અંતર્મુખ થવાતું નથી.

(૧૦) **પર્યાય પર જોર :** સ્વરૂપ ચિંતન-મનન-અનુપ્રેક્ષનના બહાને જો પર્યાય ઉપર જ વજન રહે તો પર્યાયનું એકત્વ દૃઢ થાય છે. સહજ અંતર્મુખી સમ્યક પુરુષાર્થના સ્વરૂપથી અજાણ એવા જીવોને ક્રિયાના વિકલ્પથી પણ પર્યાય ઉપર જોર રહે છે. તેથી કાર્ય સિદ્ધ થતું નથી. સ્વરૂપ-સામર્થ્યના આધારે સહજ આત્મવીર્ય ઊછળે તે સમ્યક પુરુષાર્થ છે. 'માત્ર જ્ઞાયક સ્વભાવી છું'- તેવો નિર્વિકલ્પ ભાવ જ યથાર્થ-ઉપાદેય છે.

(૧૧) **પર્યાયનું કર્તૃત્વ :** પર્યાયના કર્તૃત્વભાવને કારણે જીવ રાગાદિ ભાવોનો કર્તા થઈને પરિણમે છે. પોતે રાગાદિ બંધભાવથી ભિન્ન શુદ્ધ જ્ઞાયક સ્વભાવી હોવા છતાં, તેમજ રાગાદિનો મૂળ સ્વભાવે અકર્તા હોવા છતાં, સાચા સ્વરૂપના અજ્ઞાનના કારણે રાગાદિ ભાવ પોતામાં (જ્ઞાનમાં) થતો પ્રતિભાસે છે. અને પોતાને રાગાદિભાવનો કર્તા માને છે. પરંતુ સ્વભાવે કરી રાગાદિ કરી શકાતા નથી. તેવા સ્વરૂપના અજ્ઞાનમાં રાગાદિ થાય તે કાળે જીવને તેનું જ્ઞાન તો રહે છે, પરંતુ ક્યારેય કર્તા, કારયિતા કે અનુમંતા પોતે થતો હોતો નથી. સમ્યગ્ દર્શન કરવાના બહાને, પુરુષાર્થ ફોરવવાના બહાને કે ઉપયોગને સ્વરૂપમાં એકાગ્ર કરવાને બહાને જીવનું અનાદિનું પર્યાયનું કર્તૃત્વ ચાલુ રહે છે. આ જીવની પર્યાય બુદ્ધિ છે, જેથી

પર્યાયનું એકત્વ મટવાને બદલે વૃદ્ધિ પામે છે.

(૧૨) **પર્યાયમાત્રનું હુંપણે અવધારણ :** કેટલાક જીવો પોતાને સર્વથા અજ્ઞાન માનીને યા આત્મશુદ્ધિરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટાવવા અસમર્થ સમજીને અથવા પોતે તો સામાન્ય સંસારી જીવ છે – તેથી અધ્યાત્મની ઊંચી વાતો સાંભળતાં કે વાંચતાં પોતાને ઈષ્ટફળ સિદ્ધિ માટે અયોગ્ય ગણીને, પ્રથમથી જ વર્તમાન સ્થિતિના આશ્રયે રહીને, સમ્યક પુરુષાર્થ કરવામાં આડ મારીને દૂર ભાગી જાય છે. સમ્યક દૃષ્ટિ કે મુનિદશાનું સ્વરૂપ, તેનો ગુણ મહિમા કે યથાર્થ સાધના આદિનું શ્રવણ થતાં, પોતે તો અબુધ નાના બાળક જેવો છે, આવી ઉચ્ચ કક્ષાની વાતો સાથે કાંઈ લાગતુંવળગતું નથી, ક્યાંય તાલમેલ બેસે તેમ નથી અથવા પોતાને માટે અતિ કઠિન કાર્ય છે તેવી પર્યાયબુદ્ધિથી તે તે ભાવો અને ભાવનાથી ઉપેક્ષિત થઈ બહિર્આત્મ અવસ્થામાં વર્તે છે. અને માત્ર સાંપ્રદાયિક-ઓઘસંજ્ઞાએ કરાતી ક્રિયાઓમાં રસથી પ્રવર્તે છે. તેને જ મોક્ષ માર્ગ સમજે છે– તે વર્તમાન પર્યાયમાં **'હુંપણાની'** મિથ્યા માન્યતાને લીધે છે. વળી જીવને વર્તમાનમાં 'હુંપણું' રહેતાં ત્રિકાળી શુદ્ધ સ્વરૂપમાં 'હુંપણું' સ્થાપી શકાતું નથી. તેથી સ્વભાવથી પોતાને જુદો કલ્પીને કૃત્રિમ પ્રયત્નો કરે છે. સ્વભાવના મહિમાની વાત પણ જાણે કોઈ બીજાની હોય તેવો વિચાર કરતો હોય છે. જેમ કોઈ વિચારે કે 'મારે મારા સ્વરૂપનું ધ્યાન' કરવું છે, ત્યાં ધ્યાન કરનાર કોઈ અન્યનું ધ્યાન ધરવા ધારે છે. પરંતુ ખરેખર તો 'ધ્યેયરૂપ સ્વભાવમાં હુંપણું' થતાં પર્યાય સ્વનું ધ્યાન ધરે છે. પર્યાય મારા મૂળ સ્વરૂપના અતિન્દ્રિય આનંદનો લાભ લે છે અને પોતાના આત્મામાં એકાગ્ર ભાવ ધારણ કરી સ્વરૂપમાં નિવાસ કરે છે; ત્યારે શુદ્ધ પર્યાયનું પ્રગટીકરણ થતાં પર્યાયનું જ્ઞાન અકર્તૃત્વ ભાવે થાય છે, ત્યાં પર્યાયમાં કાર્ય સિદ્ધ થતું હોવા છતાં પર્યાયનું એકત્વ હોતું નથી.

મુમુક્ષુ દશામાં પણ પર્યાયની એકત્વ બુદ્ધિના કારણે શાસ્ત્ર વાંચનથી ઘણું જાણી લેવાનો લોભ રહે છે અને તેવા લોભવશાત્ વધુ જાણપણાની વૃત્તિને લીધે–અત્યારે જ વર્તમાનમાં સ્વરૂપ આશ્રયનો જે પ્રયાસ થવો જોઈએ તે ઉત્પન્ન થતો નથી, અને સત્ય પુરુષાર્થથી જીવ વંચિત રહી જાય છે તેનો ખેદ પણ થતો નથી. તે **'પર્યાય મૂઢતા'**નું લક્ષણ છે.

વેદન પર્યાયમાં હોવાથી **જીવને અનાદિથી પર્યાય જ પોતારૂપે-સ્વસ્વરૂપે ભાસે છે.** પરંતુ પર્યાય તો દ્રવ્યનું બદલાતું અંગ છે–અનિત્ય છે તેથી વ્યય થઈ જાય છે. જ્યાં અસ્થિર ભાવમાં સર્વસ્વપણું સ્થપાય ત્યાં સ્વભાવમાં સ્થિરતા કેમ થાય ? તેથી ત્રિકાળ-સ્થિર-ધ્રુવ અભંગઅંગ જ પોતાનું યથાર્થ શાશ્વત સ્વરૂપ છે જે અનંત દિવ્ય ગુણોથી વિભૂષિત હોવાથી અનંત મહિમાવંત છે. તેને સ્વયંને ઓળખી – તે- મય રહેવા યોગ્ય છે અને તે જ ભૂતાર્થ છે... પરમાર્થ છે.

જગતમાં જીવને સંસારપર્યાય તો સામાન્યરૂપથી અનાદિ અનંત છે પરંતુ તેમાંથી જે ભવ્યાત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન-ભાન-ધ્યાન કરીને મોક્ષમાર્ગ તથા મોક્ષપદ પ્રગટ કરે છે. એના માટે સંસાર અનાદિ-સાંત છે. મોક્ષનું મૂળ કારણ આત્માની પંચમભાવ પરિણતી છે, અર્થાત્ પંચમભાવ પરિણતી (પરમપારિણામિક ભાવ) સહિત પરિણત થતો 'શુદ્ધ આત્મસ્વભાવ' જ મોક્ષનું મૂળ કારણ છે... એમાં જ મોક્ષનું શાશ્વત અવ્યાબાધ સુખ પ્રદાન કરવાની શક્તિ છે. અત્રે જે ત્રિકાલી શુદ્ધ 'દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ બતાવ્યું તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શનથી – સિદ્ધપદ સુધીના સર્વે શુદ્ધ કાર્યો પ્રગટ થશે.

# પ્રશ્નોત્તરી

(૧) પ્રશ્ન : દ્રવ્યમાં જો પર્યાય નથી તો પછી પર્યાયને શા માટે ગૌણ કરાવવામાં આવે છે ?

ઉત્તર : દ્રવ્યમાં અર્થાત્ ધ્રૌવ્યાંશમાં પર્યાય નથી પણ તેનો જે વર્તમાન પ્રગટ પરિણમતો અંશ તે અપેક્ષાએ તો તેમાં પર્યાય છે. પર્યાય સર્વથા નથી જ-એમ નથી. પર્યાય છે, પણ તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને **'નથી'** એમ કહીને તેનું લક્ષ છોડાવી, દ્રવ્યના ધ્રૌવ્ય સ્વભાવનું લક્ષ અને દૃષ્ટિ કરાવવાનું છે. જો પર્યાય સર્વથા હોય જ નહિ તો ગૌણ કરવાનું પણ ક્યાં રહે છે ? દ્રવ્ય (ધ્રૌવ્ય) અને પર્યાય (ક્ષણિક) બે થઈને આખી વસ્તુ તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે.

(૨) પ્રશ્ન : જેમ શુદ્ધ સ્વદ્રવ્ય આદરણીય છે તેમ તેની ભાવનારૂપ નિર્મળ પર્યાય આદરણીય કહેવાય ?

ઉત્તર : રાગ હોય છે તેની અપેક્ષાએ નિર્મળ પર્યાયને **ઉપાદેય** (આદરણીય) કહેવાય; અને દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે અને તે આશ્રયને યોગ્ય નહિ હોવાથી હેય કહેવાય. ક્ષાયિક પર્યાય પણ શુદ્ધદ્રવ્યની અપેક્ષાય **હેય** કહેવાય.

(૩) પ્રશ્ન : શું દ્રવ્યનો ઘણો ભાગ શુદ્ધ રહીને માત્ર થોડા ભાગમાં જ અશુદ્ધતા આવી છે ?

ઉત્તર : નિશ્ચયનયથી અશુદ્ધતા દ્રવ્યના થોડા ભાગમાં પણ આવી નથી, તે તો ફક્ત ઉપર ઉપર જ તરે છે ખરેખર જો દ્રવ્યના થોડા ભાગમાં પણ અશુદ્ધતા આવે તો પછી અશુદ્ધતા ક્યારે નીકળે જ નહિ પણ સદાકાળ ટકી રહે ! બદ્ધપુષ્ટત્વ આદિ ભાવો દ્રવ્યના ઉપર તરે છે (જેમ સાગરની સપાટી ઉપર કચરો તરે) પણ દ્રવ્યમાં ખરેખર સ્થાન પામતા નથી. દ્રવ્ય (શક્તિરૂપે) તો શુદ્ધ જ છે પણ પર્યાયમાં (વ્યક્તિમાં) અશુદ્ધતા આવી છે.

(૪) પ્રશ્ન : નિર્વિકલ્પદશા પ્રાપ્ત થતાં વેદન શાનું હોય ? દ્રવ્યનું કે પર્યાયનું ?

ઉત્તર : દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય. મૂળ સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી. બદલતું નથી. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, તેનું ધ્યાન ધરવાથી પોતાના સત્‌ચિત્‌આનંદનો પ્રગટ અનુભવ થાય છે.

(૫) પ્રશ્ન : મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે ?

ઉત્તર : પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય; દેવ-ગુરુ-ધર્મ-બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખીને તેનો સમ્યક અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં સ્થિર થઈ જાય તો તેમાં રહેલી જે વિભૂતિ છે તે પ્રગટ થાય. આ પ્રગટ કરવામાં પોતાની જ તૈયારી જોઈએ; એટલે કે ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે.

(૬) પ્રશ્ન : સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે ?

ઉત્તર : નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદ ગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.

આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના પોતાના જ હોવાથી ભલે બધા ગુણોનાં નામ ન આવડે તોપણ તેમનું સંવેદન તો થાય છે જ.

(૭) પ્રશ્ન : જો રાગાદિ ભાવો પર્યાયમાં ઉત્પન્ન થાય છે અને પર્યાય દ્રવ્યમાં ભળી જાય છે તો રાગાદિ વિકારો પણ પર્યાયની સાથે દ્રવ્યમાં ભળી જઈ દ્રવ્યને અશુભ કેમ ન બનાવે ?

ઉત્તર : ના, એમ નથી. રાગાદિની સ્થિતિ માત્ર એક સમયની છે. તેથી રાગાદિનો અભાવ થાય છે અને પર્યાય શુદ્ધ થઈ પારિણામિક ભાવે જ દ્રવ્યમાં ભળે છે તેથી દ્રવ્ય કદી પણ અશુદ્ધ થતું નથી. જો જીવનો અવળો પુરુષાર્થ ચાલુ જ રહે તો બીજા પર્યાયમાં રાગાદિ વિકારો ઉત્પન્ન થયા કરે છે.

(૮) પ્રશ્ન : સ્વદ્રવ્ય કોને આધારે છે ?

ઉત્તર : સ્વદ્રવ્ય **'આધેય'** છે અને ત્રિકાળી સ્વભાવભાવ પરમપારિણામિક ભાવ **'આધાર'** છે. દ્રવ્યના અવલંબને જે અનુભવ થાય છે તે પર્યાય 'આધેય' મનાતી નથી.

(૯) પ્રશ્ન : ત્યારે કોને સ્વદ્રવ્ય કહ્યું ?

ઉત્તર : સ્વાભાવિક જ્ઞાન, સ્વાભાવિક આનંદ, સ્વાભાવિક દર્શન, સ્વાભાવિક ચારિત્ર એ નિત્ય ધ્રુવ, રસકંદ, સામાન્યસ્વરૂપ, અભેદ, ભૂતાર્થ, શુદ્ધ જ્ઞાયક—તે એનો જે ભાવ, એ શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ **'સ્વદ્રવ્ય'** છે.

(૧૦) પ્રશ્ન : જે અંતઃતત્ત્વ-અંતઃભાવ કહ્યો તે કેવો છે ?

**ઉત્તર : સહજજ્ઞાન (ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ); સહજ દર્શન (સ્વાભાવિક વસ્તુ, કોઈએ કરેલી નહિ); સહજ ચારિત્ર (ત્રિકાળી વીતરાગતા-અકષાય સ્વભાવ ભાવ); સહજ આનંદ (અનંત આનંદકંદ-અવ્યાબાધ વીતરાગી સુખ) સાથે ત્રિકાળીનો આશ્રય હોય.**

**(૧૧) પ્રશ્ન : અધ્યાત્મ દૃષ્ટિએ ક્ષાયિકભાવ-પર્યાયને પર સ્વભાવ કહ્યો તે શા કારણે ?**

**ઉત્તર : ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની અપેક્ષાથી. એમ તો પર્યાય છે પોતાના દ્રવ્યમાં પણ એ પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી એ અપેક્ષાએ ક્ષાયિકભાવને પણ પરસ્વભાવ કહ્યો. જેમ પરદ્રવ્યમાંથી મારી નવી પર્યાય આવતી નથી તેમ પર્યાયમાંથી પણ નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. એ અપેક્ષાએ વર્તમાન**

ક્ષયોપશમ, ક્ષાયિક આદિ પર્યાયોને પરસ્વભાવો કહ્યા.

(૧૨) પ્રશ્ન : સમ્યગ્દર્શનમાં થતો અનુભવ-દ્રવ્ય છે કે ગુણ છે કે પર્યાય છે ?

ઉત્તર : સ્વસંવેદન દ્વારા પ્રગટેલી અલ્પ શુદ્ધપર્યાય છે. સમ્યગ્ દર્શન છે પર્યાય પણ એ પર્યાય દ્રવ્યના પરમસ્વભાવમાં નથી. એના (પરમસ્વભાવના) આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે.

(૧૩) પ્રશ્ન : અનાદિથી દૃઢ થયેલી પર્યાયબુદ્ધિ જવા શું કરવું ઘટે ?

ઉત્તર : અનાદિથી માત્ર પર્યાયમાં **'સ્વપણું'** ભાસે છે તેથી પર્યાયદૃષ્ટિ દૃઢ અને રૂઢ થઈ ગયેલી. માટે પર્યાયબુદ્ધિનો અભાવ થવો દુષ્કર છે તોપણ અશક્ય નથી. સદ્‌ગુરુના યોગે પરમસ્વરૂપનું લક્ષ થતાં પર્યાયબુદ્ધિ શિથિલ થઈ દ્રવ્યદૃષ્ટિ પ્રગટવાનું કારણ બને છે. જ્યારે સ્વાનુભૂતિ પ્રગટે છે ત્યારે પર્યાયની ગૌણતા ભાસે છે. અને **'ત્રિકાળી ધ્રુવ છું'** તે જ મુખ્ય રહે છે.

(૧૪) પ્રશ્ન : સર્વ ધર્મ સમ્મત છે કે સદ્‌ગુણનો આદર કરવો તેમાં જૈનદર્શનની વિશિષ્ટતા કેવા પ્રકારે છે ?

ઉત્તર : પ્રાયેઃ સર્વ ધર્મમતમાં સદ્‌ગુણોનો આદર અને અવગુણનો અનાદર માન્ય છે પરંતુ ફક્ત આ પર્યાય આશ્રિત બોધ ગ્રહણ કરતાં દ્રવ્યદૃષ્ટિના અભાવમાં પર્યાયમાં જે તે ગુણ ગ્રહણ કરવાની સાથે જ પર્યાયદૃષ્ટિને લીધે તેનું અહમ્ પણ સાથે થઈ આવે છે અને તેનું નિવારણ સમ્યક જ્ઞાન સિવાય શક્ય નથી.

(૧૫) પ્રશ્ન : શાસ્ત્રમાં બે પ્રકારનાં કથનો આવે છે : (૧) उत्पादव्ययध्रौव्ययुक्तंमनः (૨) હું ઉત્પાદ-વ્યયથી રહિત ધ્રુવતત્ત્વ છું અર્થાત્ દ્રવ્યથી પર્યાય ભિન્ન છે. આવા બન્ને કથન શા માટે ?

ઉત્તર : ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્ત સત્-એ સૂત્રમાં દ્રવ્યનું બંધારણીય સ્વરૂપ દર્શાવ્યું છે અને તે છ એ દ્રવ્યોને લાગુ પડે છે. અને પર્યાયથી સર્વથા ભિન્ન હું ધ્રુવદ્રવ્ય છું એ કથન દ્વારા પર્યાયદૃષ્ટિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. પ્રયોજનવસાત્ તેમ કહેવામાં કાંઈ ખાસ દોષ નથી.

(૧૬) પ્રશ્ન : ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં વિકાર ન હોવા છતાં પર્યાયમાં વિકાર શા કારણે થાય છે ? શું એ વિકાર દ્રવ્ય-ગુણમાંથી આવ્યો ?

ઉત્તર : ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં વિકાર ન હોવા છતાં પર્યાયમાં વિકાર થાય છે એવો કર્મપદ્ધતિનો સ્વભાવ છે. અર્થાત્ એ એ પર્યાયનો એવો જ **'અહેતુકસ્વભાવ'** છે. વિકાર ન તો દ્રવ્ય-ગુણ કે બહારના કોઈ દ્રવ્યમાંથી ઉત્પન્ન થતો નથી પરન્તુ તે પર્યાય વિકારી ભાવરૂપ પરિણામિત થાય એવો જ એ પર્યાયનો સ્વભાવ છે. દેખો, પુદ્ગલ પરમાણુઓમાં એવો કોઈ ત્રિકાળી ગુણ નથી કે જે કર્મરૂપ પરિણમન પામે છતાં કર્મરૂપ પરિણમન તો થાય છે. તેવી જ રીતે જીવ-દ્રવ્યમાં એવી કોઈ ત્રિકાળી શક્તિ નથી કે જે વિકાર ઉત્પન્ન કરે છતાં પણ જીવની છદ્મસ્થ અવસ્થામાં વિકાર થતો હોય છે. એનું કારણ એ છે કે પર્યાયની યોગ્યતા જ એવી છે.. અર્થાત્ **'અહેતુકસ્વભાવ'** છે.

(૧૭) પ્રશ્ન : કારણશુદ્ધપર્યાયને પરમપારિણામિકભાવમાં સ્થિત કહ્યું એનું શું પ્રયોજન છે ?

ઉત્તર : પરમપારિણામિકભાવ તો ત્રિકાલી શુદ્ધ દ્રવ્યનો જ્ઞાયકસ્વભાવ છે અને આ કારણ શુદ્ધ પર્યાય (કારણ સ્વભાવ જ્ઞાન ઉપયોગ) એ પરમપારિણામિકભાવમાં સ્થિત છે. પરમપારિણામિકભાવ એ દ્રવ્ય છે અને એમાં સ્થિત તે પર્યાય છે.

(૧૮) પ્રશ્ન : આ કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ (કારણ શુદ્ધ પર્યાય) તો ફક્ત કેળવી ભગવંતોને જ હોય ?

ઉત્તર : ના, આ કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ તો સર્વ જીવોમાં ત્રિકાળ વિદ્યમાન હોય છે. અજ્ઞાન દશામાં પણ આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાનનું અસ્તિત્વ હોય છે પરંતુ અજ્ઞાની જીવને એનું ભાન નથી માટે કાર્ય પ્રગટ થતું નથી. જેમ ભરવાડના હાથમાં કોહીનુર હીરો હોય પણ અજ્ઞાનને કારણે યથાર્થ લાભ થતો નથી. આ કારણસ્વભાવજ્ઞાનના આશ્રયે કાર્યસ્વભાવજ્ઞાન-કાર્યશુદ્ધપર્યાય કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૧૯) પ્રશ્ન : પારિણામિકભાવ, પરમપારિણામિકભાવ અને ક્ષાયકભાવ – આ ત્રણેનું શું રહસ્ય છે ?

ઉત્તર : પારિણામિકભાવ તે અનાદિ-અનંત, ત્રિકાળ, કર્મ નિરપેક્ષ જીવનો સહજ ભાવ છે. પરમપારિણામિકભાવ-શુદ્ધ દ્રવ્ય, શુદ્ધગુણ અને કારણશુદ્ધપર્યાય (પંચમભાવ પરિણતી)થી શોભતો એક ધારામાં બિરાજમાન

અનાદિ-અનંત આત્મદ્રવ્ય છે અને ક્ષાયકભાવ તે શુદ્ધદ્રવ્ય, શુદ્ધગુણ અને કાર્યશુદ્ધ પર્યાય-કેવળજ્ઞાનથી સુશોભિત સાદિ-અનંત પર્યાય છે.

(૨૦) પ્રશ્ન : આગમ અને અધ્યાત્મ-બન્ને પદ્ધતિ (શૈલી)માં શું તફાવત છે ?

ઉત્તર : અધ્યાત્મ પદ્ધતિ તો આત્માના સહજ સ્વાભાવિક પરિણામનું (ત્રિકાલવર્તી શુદ્ધચેતના પરિણતી) જ્ઞાન કરાવે છે. જ્યારે આગમ પદ્ધતિ આત્માનો કર્મ સાથેના સંબંધ રાખવાના પરિણામના સ્વરૂપનું કથન છે. અધ્યાત્મ અને આગમ એ બન્ને પદ્ધતિઓનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી દ્રવ્યનો ત્રિકાળ શુદ્ધસ્વરૂપભાવ અને ક્ષણિક વિભાવરૂપ પર્યાય – આ બન્નેનું '**ભેદજ્ઞાન**' થવાથી મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે. આ મોક્ષમાર્ગની પર્યાય તો નવી અપૂર્વ પ્રગટ થતી હોય છે.

# ઉપસંહાર

દરેક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય અને પર્યાય બંને સમાન કોટિના નથી. દ્રવ્યની કોટી ઊંચી જ છે, પર્યાયની કોટી નાની જ છે. દ્રવ્ય દૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું અનુપમ તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે પર્યાયની અનુભૂતિ થાય પણ દૃષ્ટિ પર્યાયમાં (અનુભૂતિમાં) ચોંટી જતી નથી. 'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો !' એમ જ્ઞાનથી જાણે પણ દૃષ્ટિ તો ત્રિકાળ ધ્રૌવ્ય શુદ્ધ દ્રવ્યસ્વભાવ ઉપર જ રહે. આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પણ પલટે છે. તેનું કાયમ રહેનારું ચિદ્રૂપ સ્વરૂપ અનંત ગુણરત્નોથી ભરપૂર ભરેલું છે. જીવ જો આવા અદ્‌ભુત ઐશ્વર્યયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ સ્થિર કરે તો તેને અનુભૂતિ થશે કે '**હું તો સદા કૃત્યકૃત્ય છું**' અને તેમ કરતાં તે પર્યાય પણ કૃત્યકૃત્ય થઈ જશે.

'**દ્રવ્યે પરિપૂર્ણ છું, પરમાત્મસ્વરૂપે છું, કૃત્યકૃત્ય છું**' એમ માનતા હોવા છતાં '**પર્યાયે તો હું પામર છું**' એમ વીતરાગી મુનિઓ પણ જાણે છે. ગણધર દેવ પણ કહે છે કે 'હે જિનેન્દ્ર !' હું આપના જ્ઞાનના સામર્થ્યને પહોંચી શકતો નથી. આપના એક સમયના જ્ઞાનમાં સમસ્ત લોકાલોકની

અને પોતાની પણ અનંત પર્યાયો જણાય છે. ક્યાં આપશ્રીનું અનંત-અનંત દ્રવ્ય-પર્યાયોને જાણતું અગાધજ્ઞાન (કેવળજ્ઞાન) અને ક્યાં મારું અલ્પ જ્ઞાન ! અનંત ગુણોની પૂરેપૂરી પર્યાયરૂપે આપ સંપૂર્ણપણે પરિણમી ગયા છો... આપનો શો મહિમા થાય ! આપને તો જેવું શુદ્ધ દ્રવ્ય તેવી જ એક સમયની પર્યાય પરિણમી ગઈ છે, પણ મારી પર્યાય તો તેના અનંતમા ભાગે છે !'' આ પ્રમાણે પ્રત્યેક છદ્મસ્થ સાધક દ્રવ્ય અપેક્ષાએ પોતાને સિદ્ધ સ્વરૂપ માનતો હોવા છતાં વર્તમાનકાળે જ્ઞાન, આનંદ, ચારિત્ર, વીર્ય ઈત્યાદિ સર્વ પર્યાયોની અપેક્ષાએ પોતાની પામરતા જાણે છે.

આત્મામાં સહજભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ ઈત્યાદિ અનંત ગુણો પણ જો કે પારિણામિક ભાવે જ છે તોપણ તેઓ ચેતન દ્રવ્યના એક એક અંશરૂપ હોવાને કારણે તેમને ભેદરૂપે અવલંબતા સાધકને નિર્મળ પર્યાય પરિણમતી નથી. તેથી પરમપારિણામિકભાવરૂપ અનંતગુણસ્વરૂપ અભેદ એક ચેતનદ્રવ્યનો—અખંડ પરમાત્મદ્રવ્યનો જ—આશ્રય કરવો, ત્યાં જ દૃષ્ટિ સ્થિર કરવી, તેનું જ ભાન રાખવું, તેનું જ શરણ સ્વીકારવું અને તેનું જ ધ્યાન ધરવું જેથી અનંત નિર્મળ પર્યાયો સ્વયં ખીલી ઊઠે. જ્યારે સૂક્ષ્મ ઉપયોગ વડે ઊંડાણમાં ચૈતન્યતત્ત્વના તળિયા સુધી પહોંચી જાય ત્યારે જે આંશિક શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે પર્યાયને વેદતાં ચૈતન્યનું અનંત ધ્રુવ સામર્થ્ય અનુભવમાં-સ્પષ્ટ ખ્યાલમાં આવે છે.

– પૂર્ણ ગુણોથી અભેદ એવા પૂર્ણ ચેતનદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, તેના આલંબનથી પૂર્ણતા પ્રગટ થાય છે. **આ અખંડ દ્રવ્યનું આલંબન તે જ અખંડ પરમપારિણામિકભાવનું આલંબન.** જ્ઞાનીને તે આલંબનથી પ્રગટ થતી ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવરૂપ પર્યાયોનું—વ્યક્ત થતી વિભૂતિઓનું—વેદન અવશ્ય હોય છે પણ તેનું આલંબન હોતું નથી. પુરુષાર્થ તો સદાય અખંડ શુદ્ધ દ્રવ્ય પર જ હોય છે. ક્ષાયિકભાવનો પણ આશ્રય કે આલંબન ન લેવાય કારણ કે તે તો પર્યાય (વિશેષભાવ) છે. સામાન્યના આશ્રયે જ શુદ્ધ વિશેષ પ્રગટે છે, અને ધ્રુવના આલંબને જ નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે.

– ત્રિકાળી શુદ્ધ ધ્રુવ દ્રવ્ય સદાયે સ્વતંત્ર-મુક્ત છે. તે કદી બંધાયું નથી. બંધાયેલું છે કે નહિ તે પર્યાય છે-વ્યવહારનયથી કહેવાય છે. જેમ

કરોળિયો પોતે પોતાની લાળમાં બંધાયેલ છે છતાં તે છૂટવા ઇચ્છે તો છૂટી શકે છે. જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ વ્યક્તિ વિશેષે છૂટો જ છે તેમ સંસારી જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ સમ્યક ચિંતન કરે તો પોતે છૂટો જ છે એમ સ્પષ્ટ અનુભવાય છે. ચૈતન્ય તો જ્ઞાન-આનંદની અદ્‌ભુત જ્ઞાયક મૂર્તિ છે પણ પોતે પોતાને ભૂલી ગયો છે. અજ્ઞાન, મિથ્યાત્વ અને મોહને કારણે વિભાવની જાળ પાથરેલી છે, સંસારમાં ફસાઈ ગયો છે પણ પ્રયત્ન કરે તો છૂટો જ છે. દ્રવ્ય બંધાયેલ નથી.

જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કાયા અને કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં નિર્લેપ છે. તે ભૂતકાળમાં એકમેક નહોતું, વર્તમાનમાં નથી અને ભવિષ્યમાં નહિ થાય. તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનારો સર્વથી જુદો જ તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં સાંપ્રતકાળે વિભાવો જણાવા છતાં જીવ સદા નિર્લેપ-નિર્મળ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. **'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું'** એવું સતત પરિણમન કરે તો નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે. જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે, જેનો કોઈ અન્ય દ્રવ્ય સાથે સુમેળ થાય નહિ. ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગી છે. પર્યાયમાં રોગ છે. ત્રિકાળ શુદ્ધ ચૈતન્યની ભાવના એ પર્યાયરોગના નિવારણનું અમૃત તુલ્ય ઔષધ છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે પણ શુભાશુભ પરિણમન નથી. સર્વજ્ઞ વીતરાગ દેવ અને સદ્‌ગુરુના વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ શીઘ્ર ટળે છે.

દ્રવ્ય સદા નિર્લેપ છે. અનંત શક્તિનો સ્વામી છે. અવ્યાબાધ સુખનો સાગર છે. પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. ક્યાંય ખેંચાવું નહિ, ખેદાવું નહિ-ક્યાંય ઝાઝો-રાગ-દ્વેષ કરવો નહિ. પરમાત્મસ્વરૂપ શુદ્ધ દ્રવ્ય પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે. સાધકને સદાયે દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો આવો વિવેક વર્તે છે.

હું જ્ઞાયક છું. હું સર્વ સંગ અને સંયોગથી રહિત છું. સર્વ પરભાવોથી વિમુખ છું. રાગાદિ બંધભાવથી ભિન્ન છું. એક ક્ષેત્રે અવગાહના રહેલ કર્મ-રજ-મલથી અલિપ્ત છું. હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, **હું પરમપારિણામિકભાવ છું. હું અબાધ ગુણોનો સ્વામી છું... હું સર્વ વિભાવભાવોથી જુદો છું, કોઈ પર્યાયમાં અટકનાર હું નથી.** પર્યાયને જોવા-જાણવા છતાં પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વયં આવી જ જશે. કૂવો ખોદે તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. એમ ચૈતન્યપાતાળ વિસ્ફોટક થતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે. પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. દ્રવ્યદૃષ્ટિ કેળવવાથી જ ગુણસ્થાનકમાં આગળ વધાય છે. શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યને ગ્રહણ કરતાં શુદ્ધતા પ્રગટે, સાચું યથાખ્યાત ચારિત્ર પ્રગટે પણ જ્ઞાની તે પર્યાયોમાં રોકાતા નથી. શુદ્ધ આત્મદ્રવ્યમાં ઘણું પડ્યું છે. ઘણું ભર્યું છે, તે આત્મસ્વરૂપ પરથી જ્ઞાનીની દૃષ્ટિ ખસતી નથી. જો પર્યાયમાં રોકાય, પર્યાયમાં જ લીન થઈ જાય તો મિથ્યાત્વભાવમાં આવી જાય.

હે આત્મા! તું ભવભ્રમણથી કંટાળ્યો હોય અને તારે જો સર્વ વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો એક માત્ર ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. સર્વ પ્રકારની પર્યાયદૃષ્ટિને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને અને ભેદાભેદના સ્વરૂપને વિવિધ પ્રકારે જાણે છે. લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા ભાસે છે પરંતુ દ્રવ્ય-અપેક્ષાએ અભેદ આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ, આ સમ્યગ્ દર્શન થયું; આ દેશવિરતીપણું પ્રાપ્ત થયું; આ પ્રમત/અપ્રમત મુનિદશા થઈ; અને આ કેવળજ્ઞાન થયું— એમ બધી જ મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે. આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ તો સામાન્ય સિવાય કોઈ પણ વિશેષ પ્રકારમાં રોકાતી નથી. સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુતના ચિંતવનના, અણુવ્રત-મહાવ્રત ઇત્યાદિકના વિકલ્પો હોય છે, પણ તે શુદ્ધ જ્ઞાયકપરિણતિને બોજારૂપ ભાસે છે. કારણ કે મૂળમાં

સ્વભાવથી વિરુદ્ધ છે. અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે. નિર્વિકલ્પ સ્વરૂપમાં એકાગ્ર થતાં તે બધા છૂટી જાય છે. પૂર્ણ વીતરાગ દશા પ્રાપ્ત થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે-માટે તું આવી દશા પ્રગટ કર.

**હે મુમુક્ષુ !** તેં તારા પરમજ્ઞાયકભાવને ગ્રહણ કર્યો તેની આગળ ત્રણ લોકનો સર્વ વૈભવ પણ તુચ્છ છે. બીજું તો શું પણ તારી સ્વાભાવિક પર્યાય-નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ શુદ્ધ દ્રવ્યની અપેક્ષાએ તારી નથી. **શુદ્ધ ચિદ્રૂપ અગાધ છે, અમાપ છે, અવ્યક્ત છે, અગમ્ય છે, અગોચર છે, અલખ છે.** નિર્મળ પર્યાયનું વેદન ભલે હો પણ દ્રવ્યસ્વભાવ પાસે તેની વિશેષતા નથી. જ્ઞાનપરિણતિ દ્રવ્ય તેમ જ પર્યાયને જાણે છે પણ પર્યાય ઉપર જોર હોતું નથી.

જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે એવું છેલ્લી પરાકાષ્ઠાનું ધ્યાન તે ઉત્તમ **'પ્રતિક્રમણ'** છે. આ પ્રસન્નચંદ્ર મુનિરાજે એવું પ્રતિક્રમણ કર્યું કે દોષ ફરીને કદી ઉત્પન્ન જ ન થયા... રૌદ્રધ્યાનની પરાકાષ્ઠાએ સાતમી નારકીમાં દળીયાં એકઠાં કર્યાં પણ જાગ્રત થતાં એવી ક્ષપકશ્રેણી માંડી દીધી કે જેના પરિણામે વીતરાગતા થઈને કેવળજ્ઞાનનો આખો સાગર ઊછળ્યો ! **અંતર્મુખતા છેલ્લામાં છેલ્લી કોટિની !** આત્મદ્રવ્ય સાથે શુદ્ધ પર્યાય એવી જોડાઈ ગઈ કે ઉપયોગ અંદર ગયો તે ગયો જ, પાછો કદી બહાર જ ન આવ્યો. જેવો ચૈતન્યપદાર્થને જ્ઞાનમાં જાણ્યો હતો તેવો જ તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરી લીધો. જેમ પૂનમના પૂર્ણ ચંદ્રના યોગે સમુદ્રમાં ભરતી આવે છે તેમ આ મહામુનિરાજને પૂર્ણ ચૈતન્યચંદ્રના એકાગ્ર-અવલોકનથી આત્મસમુદ્રમાં ભારે ભરતી આવી—વૈરાગ્યની....ભરતી; સર્વ ગુણપર્યાયની યથાસંભવ ભરતી; આનંદની ભરતી અને વીતરાગતાની ભરતી... આ ભરતી બહારથી નહિ, ભીતરથી પ્રગટ થઈ. સ્વસંવેદનદ્વારા સ્વાનુભૂતિની પૂર્ણતા પામવાની કળા હાથમાં આવી અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ સાથે કેલી શરૂ થઈ.

**"જે ઉપાય બહુવિધિની રચના, યોગમાયા તે જાણો રે;**
**શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ધ્યાને, શિવ દીયે પ્રભુ સપરાણો રે."**

* * *

## આ પુસ્તિકાના સંકલન માટે આધારિત ગ્રંથો

(૧) સમ્મતિ તર્ક-ગ્રંથ
(૨) તત્વાર્થ સૂત્ર (શ્રી ઉમાસ્વામીજી કૃત)
(૩) જ્ઞાનસાર (મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી)
(૪) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ (મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી)
(૫) શ્રી આત્મવિશુદ્ધિ (આચાર્ય શ્રીમદ્ વિજયકેશરસૂરીજી)
(૬) સ્વરૂપ સમ્બોધન –ડૉ. સુદીપ જૈન
(૭) શ્રીમદ્ રાજચંદ્ર પ્રણિત તત્ત્વજ્ઞાન
(૮) ત્રિકાલિક આત્મવિજ્ઞાન : પંડિત શ્રી પનાલાલ ગાંધી
(૯) જૈન દર્શન – પારેખ ખૂબચંદ કેશવલાલ (વાવ)
(૧૦) આનંદઘન ચોવિસી : પંડિત મંગલજી શાસ્ત્રી
(૧૧) આત્મરુતિ : શ્રી શશીકાન્ત એમ શેઠ (ભાવનગર)
(૧૨) આધ્યાત્મિક માસિકો-પ્રવચન સંગ્રહ

# પ્રાર્થના – સ્તોત્ર

જુએ સ્વાત્મા પરમાત્મ-ભાવે,
પોતે જ છે શુદ્ધ જ્ઞાયક સ્વભાવે;
એકાગ્ર એવું ધરતો જે ધ્યાન,
તે જીવ પામે શાશ્વત સુખ નિધાન ૧

શાશ્વત સદા એક જ આત્મ માનું,
સ્વભાવથી તે જ વિશુદ્ધ ધારું;
બહિર ભાવે વળગ્યાં જે કર્મો,
અશાશ્વતા તે છે વિભાવ ધર્મો. ૨

માંહિ પડ્યા તે મહાસુખ માણે,
દેખણહારા તે કોડી નવી પામે;
મહાપદ પામ્યા તે મરજીવા,
મૂકી મનનો સઘળો મેલ જોને. ૩

બહિરાતમ તજી અન્તર આતમ,
રૂપ થઈ સ્થિરભાવ સુજ્ઞાની !
પરમાતમનું હો આતમ ભાવવું
આતમ અરપણ ઉપાય સુજ્ઞાની ! ૪

નિજસ્વરૂપ જે કિરિયા સાધે,
તે અધ્યાત્મ લહિએ રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે,
તે ન અધ્યાત્મ કહિએ રે. ૫

# રત્નકણિકા

* મન-વચન-કાયયોગની જે બાહ્ય શુભક્રિયાઓ છે તેના કરતાં જ્ઞાની દ્રવ્યાનુયોગની આભ્યંતર ક્રિયા વડે વિશેષ આત્મ-શુદ્ધિ કરતો હોય છે.
* સૌ પ્રથમ સદ્‌ગુરુનો યોગ સાધીને માત્ર મોક્ષની અભિલાષા સાથે જીવ-અજીવ દ્રવ્યોના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામીત્વપણાનો તેના હેતુઓ સહિત અભ્યાસ કરવો અત્યંત જરૂરી છે.
* દ્રવ્યાનુયોગની સતત વિચારણા કરવાવાળો સાધુ આત્મ-સાધક જાણવો, તેમજ જેને પોતાના આત્માના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય સંબંધમાં યથાર્થ હેયોપાદેયતાનો લક્ષ પ્રાપ્ત થયો છે તેને સુઆધુ (સદ્‌ગુરુ) જાણવો.
* જે આત્મા પોતાની આત્મશુદ્ધિ અર્થે પોતાના શુદ્ધા-શુદ્ધ સ્વરૂપની નિરંતન વિચારણા કરવા સાથે (નિશ્ચયદૃષ્ટિ સાપેક્ષ) જિનાજ્ઞા પ્રમાણે સાધુ ધર્મનું પાલન કરે છે તેવા સાધુઓ જ બીજા જીવોને શુદ્ધ મોક્ષમાર્ગમાં જોડી શકે છે.
* **"પ્રત્યક્ષ સદ્‌ગુરુસમા નહીં, પરોક્ષ જિન ઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર."**

પોતાનું આત્મસ્વરૂપ શક્તિરૂપ હોવાથી મુમુક્ષુ જીવ તેનાથી અજાણ છે અને તે જાણવા માટે વર્તમાનમાં પ્રાયઃ સદ્‌ગુરુ સિવાય બીજું કોઈ ઉત્તમ સાધન નથી. સત્પુરુષમાં 'આત્મા' પ્રગટ વર્તે છે તે સમજવું પ્રત્યક્ષ-યોગે સુગમ પડે છે.